અક્કલનો ઓથમીર

અથવા

ગામડીઓ ગમાર.



હાસ્યરસથી ભરપુર વાર્તા.

ભાગ ૧ થી ૪

લેખકઃ—

સ્વ. મણિલાલ એન. ભોડાવાળા.

અને

અંબેલાલ સવરામભાઈ દેશાઈ

પ્રકાશકઃ—

શ્રી ગુજરાતી સાહિત્ય મંદિર.

સલાબતપુરા–સુરત.

સોલ એજન્ટઃ—

શ્રી નવચેતન પુસ્તકાલય.

ટાવરરોડ–સુરત.

આવૃત્તી પ..] સને ૧૯૨૮ [પ્રત ૪૦૦૦

કીંમત દશ આના.

'શંકર' પ્રી. પ્રેસ, સુરત.

મુંબાઇના સોલ એજન્ટઃ–બુકસેલર સવજીભાઈ કાલીદાસ.

અમારા લોકપ્રિય ધાર્મિક પુસ્તકો.

અક્કલનો ઓથમીર

અથવા

ગામડીયો ગમાર.

(હાસ્યરસથી ભરપુર વાર્તા)

ભાગ. (૧-૨-૩-૪)

લેખક, સ્વ૦ મણિલાલ એન. બોડાવાળા.
અંબેરામ સવરામ દેશાઈ.

પ્રકાશક-જેકીશનદાસ ત્રીભુવનદાસ
ધી "ગુજરાતી" સાહિત્ય મંદિર.
સલાબતપુરા-સુરત.

સોલ એજન્ટ—શ્રી "નવચેતન" પુસ્તકાલય.
ટાવરરોડ, પોલિસ લાઇન સામે-સુરત.

આવૃત્તિ ૫ મી. ૧૯૨૮ પ્રત ૪૦૦૦.

કીંમત બાર આના.

સુરત–ચૌટાના પુલ ઉપર આવેલા 'શંકર' પ્રીન્ટીંગ પ્રેસમાં
નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

શ્રી ૧।

શ્રી ગણેશાયનમઃ

અક્કલનો ઓથમીર

અથવા

ગામડીયો ગમાર.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

અછ! અમે તો જરૂર મમ્મઇ જઈહું!

સુરત બંદરની પાસે બારડોલી તાલુકાના મોતા ગામમાં, ધનાભાઇ કરીને એક કણબી રહેતો હતો. ગામના સૌ લોક તેને ધનાપટેલ કહી બોલાવતા. ધનાપટેલ ઉમરે ત્રીશ વર્ષના, બાંધી દડીના શરીરવાળા એક કદાવર જુવાન હતાં. સંતતીમાં આપણા ધનાભાઇને પુત્ર અને એક પુત્રી હતાં. પુત્રને સૌ કોઇ દીઆળના નામથી બોલાવતા, અને પુત્રીને અરખીના નામથી ઓળખતા, દીઆળની ઉમર સાતથી આઠ વર્ષની હતી. અને અરખી ચાર વર્ષની હતી બન્ને બાળકોની માતાનું નામ જમના હતું. જેને ગામ લોક તરફથી પટલણનો ખેતાબ આપવામાં આવ્યો હતો. જેથી ગામના નાના મોટા સૌ તેને પટલણ કહીનેજ

બોલાવતા. જમના પટલણની ઉમ્મર સત્તાવીશથી અઠ્ઠાવીશ વર્ષની હતી. શરીર જરા શ્યામ, પણ ચ્હેરો દેખાવડો હતો. વળી ગામડીયો સંસાર ગબડાવવાની બુદ્ધિ સારી હતી. જેથી તેઓ આખા ગામમાં પંકાઇ રહ્યાં હતાં. ધનાપટેલ ખાપુકો ધંધો ધમધોકાર ચલાવી રહ્યા હતા. તેમ તે ચલાવવા તેઓની પાસે સાધન પણ પુરતું હતું. ધનાભાઇ પાસે પોણોસોથી સો વીઘા સુધી ખાપુકી જમીન, ચાર જોડ સારા મજબુત બળદો અને ગાયો ભેંસોનો સારો જથો હતો. તેમજ નોકર ચાકર વીગેરેનો પણ સારો જોગ હતો.

આપણા ધનાભાઇ ગામડીયા ગામના પ્રમાણમાં બહુ સારી સ્થીતીવાળા તરીકે મોતા ગામમાં પંકાઇ રહ્યાં હતાં. ફક્ત અફસોસ અને ગમગીનીની વાત તો એજ છે કે બિચારાને બુદ્ધિ સાથે બારમા ચંદ્રમાનો જોગ હતો. પોતે બુદ્ધિમાં બુડથલ, દેખાવે બાહુક જેવા બીહામણા, બચરપથર ! ગમારનો પહેલો નંબર ધરાવતાં. તેઓએ તેમની આ ત્રીશ વર્ષની જીંદગીમાં મુસાફરી કરી હશે ? તો ફક્ત મોતાથી બારડોલી સુધીજ ! તે પણ વળી કદી કોઈ કાર્યનો પ્રસંગ આવે તો વર્ષ બે વર્ષે એકાદ વખત આપણા ધનાભાઇ બારડોલી જાય ત્યાંથી પણ ભડકી ! ભડકી ! બડધા થઇ વીલે મોઢે ઘેર આવે, અને જમના પટલણ પાસે આસું લુછાવે. આટલી બધી બુદ્ધિની બલીહારી છે છતાં ધન્યવાદ તો આપણા ધનાભાઇને એજ આપવાનો છે કે પોતે જીદ ? જક્ક ? અને આપમત કરવાના કામમાં એક એકકો કહેવરાવી રહ્યા છે.

આ બુડથલ બબુચકના હાથમાં જો સંસારની લગામ આવી હોય તો ધનાભાઇએ ક્યારનુંએ ધબાએનમાં, બનાવી દીધુ હોત પરંતુ

દૈવયોગે, પૂર્વના સંયોગે પટલણુ સારા મળ્યા હતા એટલે ધનાભાઇની ધમાલ ધમધોકાર ચાલી રહી હતી.

જમના પટલણુ સ્વભાવે શાન્ત, વિવેકી, અને વિચારશીલ, મતલબ જેટલા બુદ્ધિશાળી અને ખેતીવાડીના કાર્યમાં કુશળ હતા. એટલે ધનાભાઇનું ગાલ્લું ધમધમાટ ચાલી રહ્યું હતું.

દીઆળ નિશાળે ભણુવા જતો અને અરખી માતાની મીઠી નજર તળે ખેલવા–કૂદવાનો ધંધો કરતી.

એ પ્રમાણે આપણા ધનાભાઇનું નાનકડું કુટુંબ મોતા ગામમાં મોજ કરી રહ્યું છે. એવામાં અચાનક ભાગ્યદેવી આડી ઉતરી બિચારી જમના પટલણુનો સુખ સૂર્ય વિપદ વાદળમાં સપડાયો.

એક દિવસ રાત્રે સાડા નવેકના સુમારે આપણા ધનાભાઇ પરસાળમાં ચોરા ઉપર ઢાળેલા ઢોળીઆપર બેઠા બેઠા મોટો રંભુસીંગડા જેવડો ખાડો મોઢામાં ઘાલી ધુમાડાના ગોટેગોટ ઉડાવી રહ્યા છે. બાજુમાં બીજા ઢોલીયાપર બેઠા બેઠા જમના પટલણુ તપખીરનાં સબડકા તાણી રહ્યા છે. દીઆળ અને અરખી માતાની ગોદમાં ભરાઇ ઘસઘસાટ ઉંઘી રહ્યા છે, પટેલે બીડો મોઢામાંથી કાઢી હાથમા ઉભો ઝાલી ટકોરો કર્યો ?

પટેલ—હં ! મકું હાભરો કે ?

પટલણુ—હં ! અં ! ઓવે ! તીઆરે કંઇ બેરા ? બેરા છીએ ?હું

પટેલ—એમ છે ! તીઆરે જો હાંભર ! ઉ ! તો અવે મમ્બઇ જવાંનો ! શું છમણી.

પટલણુ—હેં ? હું કયું ? મુમ્બાઇ ? જવા દો ! જવા દો ! આનામાના એ મુમ્બઇ ? કુમ્બઇમાં આપડે હારૂ ! હું કામ છે ! એ

છછરીના ! મુમ્બઇના વેહ-તમને કાં ખબર છે ? ઇતો હારૂ બનબેછવું આવે તીને મુમ્મઇ ! બીજાને તો હારી મુછીબત ?

પટેલ—મુછીબત વરી હાની ? આપડો ગોપારીઓ તંઇ છેની ? હું છમજી ?

પટલણુ—તે ગોપારની વઉએજ મને વાત કરી ! કે કાકીજી ! બઇરૂ હારૂ મુમ્મઇ ! હારૂ કંઇની હારૂ ! ગોજુ ! ગોજુ ! ને ગંદુમારક હારૂ નાહી ! નાહી ! કોયળીમાં રેવાનું ! રાંધણી પણ તૈંજ ! ને ને નાવણી પણુ તૈંજ ને હારૂ ! હુગાનુ પણુ તૈંજ ! હારૂં અકરઇ ? ને ગુંગરઇ જવાય ? મુવું એ મુમ્મઇ ! આપડે નઈ જઈએ બા ! વરી તમને ખબર છે ! હારૂ ! મમ્મઇ ! ગામમાં વાડાનું તો નામજ નીમલે ! ને કુવો તો કેથો કોઇ ઘરમહરા બરમહરામાં ઓય તીયારે બાકી તો બંબામાંથી હુચુંક ! હુચુંક ! કલાકબણુ પાણી આવે ! તીમાંથી બધાએ ભરી લેવાનું ! એ હારી મુછીબત ની ? તીઆરે હું !

પટેલ—જા ! જા ! હારી ગાંડી ! એવું તે હોય ! મમ્મઇ ! એ તો બછ મમ્મઇજ છે ? હેલા માસ્તરને તે આજેજ મેં નુછપેપર હાભરૂં ! બછ મમ્મઇ જેયું નથી તેની હારાની જીંદગી રદ છે ? છું છમજી ? આપડે પણુ હવે નીછય કઇરૂ કે બછ મમ્મઇ તો જવુંજ ?

પટલણુ—નીછય તો કઇરૂ ? પણુ એ ખેલ ખોટો ! આપણુને પસંદ નથી હારૂ ! એકતો તમારો છભાવ ઓલીયો ! વરી કોઇ દીવછ ! મોતા ગામના પાદર બાર નીકરેલાં નઇ ! ને આમ ઉથ ! મુથ ! ને ભુછ ! મુમ્મઇ જવા તીઆર થાઓ ! એ હારૂ અમાર જેવું નઇ તો બીજું હું !

પટેલ—હાહરી ? તું તો બઉ ડાઇ થેઇ ગઇને કું ? હારી ઉં મમ્મઇ જવા નીકયરો ? તીઆરે કેતી છે ? ગમાર જેવું. હારીને ચીઆણુ જવું હોય તો ઝટ ચાલવા માંડે ? આ ખરો ઇન્છાપ ? આ હાંભરવું ઓય તો હાંભરી લે ? આપડે તો જરૂર મમ્મઇ જઇહું ? હું છમજી ?

એ પ્રમાણે ટપાટપી આપણા ધનાભાઇની પરસાળમાં ચાલી રહી છે એવામા અચાનક બારણું ખખડયું અને એક બાવીશ વર્ષનો જુવાન. કેમ ! પટેલ કાકા ? કરતો અંદર ઘુસ્યો.

આવરે પોર્યા ? મોરીઆ અતીયારે કયાંથી ભૂલો પઇડો ?

મોરીયો—અરે ! નહીરે પટેલકાકા ? એતો જરા છનીઆ દુબરાને તે ગએલો ? પાછા ફરતા તમારી પરહારમાં દીવો બરનો જોયો ? હારૂ વીચાર કઇરો કે ચાલો જરા પટેલકાકાને છલામ ભરી આવીએ ?

પટેલ—મારો હા...રો ? પાકો ઉછતાદ ? ખરા ટાંકણાછર આવી પોંઇચો ! ઠીક ? તઇજો હંભર પોર્યા મોરીઆ ? અવે તો તારા પટેલકાકા મમ્મઇ જવાના ? હું છમજો ?

મોરીયો—જાઓ ? જાઓ ? પટેલકાકા ? ગરીબ માણુની મહકરી હું કરતા ઓહો ? તમારે વરી હું દુઃખ છે ? કે મમ્મઇ જાઓ ?

પટેલ—હત ! છછરા ! ગધેડા ! હારા જીને દુખ ઓય ? તેજ મમ્મઇ જતા ઓહે—કેમ ? છછરો ! અજામભાઇ ! હારો મમ્મઇ ! નાટાલ ! ધનુછાગ બધે ફરી આઇવો પણ હારો તીવોને તીવોજ ? જો છાંભર ! આ ઉં તને ઉલ્લાજ છબ્દો કઉં છું ! બાછ આપડે તો અવે જરૂર મમ્મઇ જવાના ? હું છમજો ?

મોરીયો—તમે કીયું તે અકછરે અકછર છમજો ! પણ એ કાકા આ કાકી કેમ ઉદાછ થઇને બેઠા છે ?

પટેલ—એ હારી મમ્મઇનીજ મોંકાણુ તો ! એ કે નથી જવું ને મારે બઇ જવું ! ! હું ઇમજ્ઞે ?

પટલાણુ—તમારે તો બઇ જવું ? છે કોંઇ બીજી ફીકર ? ઉછઆરીની જાત ની મલે ને બિછારા મમ્મઇ જવા નીકઇરા છે ?

ઇમજાવ ? ઇમજ્જાવ ? હારા ? મોરીયા ? તારા કાકાને ! મુમ્મઇ જેવા મોટા ગામમાં ગમાર જેવા કર્યાએ ગોથા ખાઇ જહે ?

મોરીયો—હાંભરૂ કે કાકા ? આ કાકી હું કેતી છે ? ગમાર જેવા તે હારી વાતે હાચી ! એવા મોટા ગામમાં તમને અકરામણુ થીઆ વગર તો રેજ નહિ ?

પટેલ—હત હરામખોર ? હારા મુરખ કેથ્થેનો ? હહરા ? તું પણુ બઇરા કે તે હાચુ માનતો છે ? આઠ દાડા જોવા જીએ તેમાં હું અક-રામણુ થવાની ઉતી. હારૂ ! જરા ફરી આવી હું ? હેલ કરી આવી હું

મોરીયો—હેલ તો ખરી ! પણુ એ હારો જરા વેહ વહમો તો ખરો ? તમે મોતા ગામ મુકી બાર ની નીકળેલા ને એકદમ ઉચ ! મુચ ? ને બૂછદેનેકને મમ્મઇ જવા નીકરી પડો ? તે હારૂ વખતે ભડકી ? ભડકી જાઓ તીઆરે હું વેહ થાય ? કેમ કાકી બોઇલા નઇ ? જરા ટાપછી પૂરો ?

પટલાણુ—હોવે ? જોની મોરીયા આવી ગાંડી ઘેલી વાતો કરે છે ? એ બિચારા મુમ્મઇના છપાટામાં ઉડી જાય કે નહિ ? કે ? જોઉં ? મોરીયા ઉડી જાય કે નહિ ?

મોરીયો—અરે બઇ તોબા કરો કાકી ? એમના તે તેં હું બાર કાઇડા ? એ હારૂ ? મમ્મઇ જવું તે રમત બમત છે હું ? નીરે બાઇ ની ? આપડી ધાનતો કંઇ બેઇતી નથી ? એ...ઇમજ્ઞે ? પટેલ

કાકા છમજી જાઓ !–મુમ્મઇ જવાનું રેવા દો ! આલો મારી હાથે કાલે પ્રુરત ! જુઓ તો ખરા છેલ ?

પટેલ—અરે ચબરે ! અજાભભાઇ ! તારા પ્રુરતની એછી ! તેછી ! છાતવાર ? પ્રું છમજે.

બાછ અમે તો જરૂર મમ્મઇ જઇહું.

આપણા ધનાભાઇના છેલ્લા કડાકાની સાથે બિચારો મોરીયો હજામતો ચુપાચુપ પસાર થઇ ગયો. જમના પટલણ પણ ધમોધબ બારણાં ઢાંકી, દીવો ધબ્બાએનમાઃ કરી ઢોલીયા ઉપર મુંગે મોઢે સુઇ ગયા. તેઓ પોતે પણ ગુસ્સામાંને ગુસ્સામાં નીંદ્રા દેવીને આધીન થયા.

પ્રકરણ ૨ જું.

છાબાછ ! માછતર છાએબ છાબાછ !

પ્રિય વાંચક, થયું બીજા દિવસનું પ્રભાત, અને આવી બિચારી જમના પટલણની કમબખ્તી આપણી જમના પટલણ દાતણ આદી સ્નાન સંધ્યા કરી, ઢોરો વીગેરેની વ્યવસ્થાથી પરવાર્યાં, ત્યારે આસરે આઠેકને સુમારે આપણા ધનાભાઇ આળસ મરડી પથારીમાં બેઠા થયા તંબાકુ પાત્રાનો ટોપલો ખોળામાં લઇ, ખારસો મઝાનો આંગળ આઠેક લાંબો અને એક ઇંચ જાડો બીડો બનાવ્યો ઉપર દેવતાનો અંગારો મુકી સળગાવ્યો ધુમાડાના ગોટા ઉડાવતા ધનાભાઇ પાદરે જવા ઉપડયા.

અહીં જમના પટલણે દાતણ વીગેરેની સવડ કરી એટલામાં તો પટેલ આવી પહોંચ્યા દાતણ મોઢામાં નાંખી મોટું મોટું ચાવી બે

લસરકા આમ ? બે લસરકા તેમ લગાવી લઇ ફાડયો કરી ફૂંકી માર્યા મોઢું ધોઇ બોલી ઉઠયા !

ધનાભાઇ—કેમરે ! પટલણ ! પછી મમ્મઇનો વિચાર કઇરો ?

પટલણ—આઇરૂં મુમ્મઇ ? ને મુઓ તમારો વિચાર હારા તમે તો દાડે દાડે છેક ગાંડા થતા જતા છેઓ ? તો છું નીતો ! બેછોની છાનામાના ! નીતો હારૂ કંઇનું કંઇ થઇ બેછછે ?

ધનાભાઇ—હારી ફાટી કે હું ? હહરી ! તું હું કેતી છે ? જા બછ જવાના ! અમે તો આજે છાંજેજ મમ્મઇ જવાના ? છું છમજી ?

પટલણ—હેં ? છું કયું ? આજે છાંજે ?

ધનાભાઇ—હાવે ? આજે છાંજે ! છે કાંઇ છવાલ ? બોલી દે જોઉં ? તું છું કેવા માગતી છે ?

પટલણ—હાના તમે તે કંઇ ચકડોર જેવા છેઓ કે છું ? જડહા જેવા ? હારા કંઇ છમજો નઇને માથા હૂ ફોડાવીઆ કરતાં છેઓ !

ધનાભાઇ—એ હહરી ! છમજની પુછડી ! છીધો જવાબ નીઆલે ! ને હારી બકબક હું કરતી છે ! બછ અવે ખલાછ ! છું છમજી આજ છાંજના જયા વીના હારો કોણ રીએ છે ! બોલ હુ કેતી છે ?

પટલણ—થાકી બાપ હું તો તમારાથી ! હવે તો બે હાથ જોડી કેમ છું જે છમજો ! માથાની ફોડાવીઆ કરો ! ઉં તમારે પગે પડું.

ધનાભાઇ—તો હારી ઉંકા કમ છેમ ! તું હહરી મારે પગે પડે ! તો ઉ આખોને આખો તારે માથે પડું એમ છું ! છું છમજી !

પટલણ—કપાર તમારૂં ! રોંચકા જેવા !

ધનાભાઈ-હહરી ! કીયાર કીયારની છતાવીઆ કરે તે તારા બાપનું ખાધું છે હું ? તે હહરો મારી પાછે કંઈ માંગતો બાંગતો છે હું ? હારી-અમણેહી ઝાલીને અફારીજ લાખા ?

આ પ્રમાણે પ્રભાતના પહોરમાં આપણા ધનાભાઇને બુમો પાડતાં સાંભળી તેઓના ભાઇ કેશવભાઇ આવી પહોંચ્યાં પટલણ ત્યાંથી ખસી રાંધણી તરફ ગયાં. ધનાભાઇએ કેશવભાઇને આવકાર કરી બેસાડયાં.

કેશવભાઇ કોણ છે? તે હમારે અત્રે ખુલાસો કરવો જોઇએ. કેશવભાઇ ધનાભાઇના સગાભાઈ થાએ છે પરશોતમ પટેલે પોતાના મૃત્યુ વખતે બન્ને છોકરાઓના હીસ્સા જુદા કરી આપ્યા હતા જેથી તેઓના મરણ બાદ કેશવભાઇ અને ધનાભાઇ પોત પોતાના કુટુંબોનો જુદોજ વહેવાર ચલાવતા આપણા કેશવભાઇએ બેશવાની સાથેજ રોફબંધ સવાલ કર્યો.

કેશવભાઇ–કેમરે? અઇબા ધનીયા? ફીઆર ફીઆરનો હું બખારા લાખીઆ કરતો છે?

ધનાભાઇ–કઇ નઇરે કેછવભાઇ! એતો હારૂ અમછતુ છેજ? મેં હારાએ આજે છાંજે મમ્મઇ જવાનો વીચાર કઇરો! ઘરમાંથી હારી ના કેતી છે? આપણો છવભાવ જરા ગરમ! અને તાઉછ રીએલા! એટલે હારી તકરાર થઇ ગઇ? છું છમજા?

કેશવભાઇ–ઓય-તારી હાયને......ઉ? મારો છ-છ-રો...તું તો કંઇ કંઇ મનછુબા ઉડાવતો દેહુ નેહુ? હારો ગમાર? તારે વરી તે હું કામ છે હહરા ગધેડા?

ધનાભાઇ–અરે હેલ કરવા જતો છેમ? હેલ કરવા! છું છમજા!, કેશવભાઇ એ તો હારી છેછ નાગને માથે ખીલી ઠોકાઈ ગઇ! ધનાભાઇ આજે છાંજે મમ્મઇ જવાના, છું છમજા.

કેશવભાઇ—કપાળ હહરા તારૂ હારા એમ ઉચ મુચ ને જુચ તે વરી મુમ્મઈ જવાતું ઓહે કે આપડા ગોપારને કાગર લખ પછી

જા નીતો એવડા મોટા ગામમાં કંઇ આયકહે હહરા મેજની છાનો માનો ! બે દીવછ રેઇને ગીયા.

ધનાભાઇ—છીર પટકી મરી જાઓ તો છું થયું અવે આ ધનાભાઇ છબ્દ ફેરવે ! અરે છું વાત કરો છો હાઇ પરથમીમાં છેકજ અંધાઇ વરી ગયું કે હું ! અજુ જાણુતાની ઓવ કે ધનાભાઇ તો ધારહે તેજ કરહે, છું છમજા.

કેશાવભાઈ—હમજા મારા દાદા હંમુએ હમજા હારો જડહા જેવો નાહા પોર્યાની પેઠે જકક લે છે ! તે છોડતોજ નથી. હારા ખુબ યાદ રાખજે કે હેલા જકકી પાડા જેવી ગત થવાની.

ધનાભાઇ—જે ઇછવરે ધારી ઓહે તે થહે ! બી ગીયા હું ! કેછવભાઈ ! એતો માથા મુકવાના કામ છે, છીર જાય કે બાપછી ખાય.

કેસવભાઇ—કંટોલા ખાય તીઆરે ! હારા ! વરી ઉંધુ કરે તો ઉંધુજ થાય,

એ પ્રમાણે બન્ને ભાઇઓની તડાતડી ચાલી રહી છે એવામાં રાંધણીમાં ધુસેલા પટલણુ હાયમાં ચાના બે કપ લઇ બહાર આવ્યા. બન્ને ભાઇઓ પાસે એક એક ગોઠવી દુર ખસી ઉભા રહ્યાં. કેશવભાઇએ કપમાંથી થોડી ચા રકાબીમાં કાઢી ઠંડી થવા મુકી સવાલ કર્યો.

કેશાવભાઇ—જમના ? આ હારો ? ધનો વરી હું કેતો છે ! હહરો આજે હાંજે મમ્મઇ જવા વિચાર કરેને હું ?

પટલણુ—ઓવે મોટાભાઇ જુવોને ! કાલ છાંજ છાંજના એમજ માથા ફેરાવીયા કરતા છે ! ઉંતો હારી હમજાવી હમજાવીને થાકી એમની ધીયાનમાંજ ની ઉતરતું ! ઉં હારી કેતી છેમ જે તમે ગોપારભાયને કાગર લખો ! પછી જાઓ તો તે તમને છામો લેવા

આવે. નીતો એવડા મોટા ગામમાં છમને શું હમજ પડે ! કો ! જોઉં ! મોટા બાઇ ! શું હમજ પડે !

કેશવભાઇ—કપાર હહરાનું ! હારો બણુચક જેવો તો છે ! હારો જડહા જેવો છમજે નઇને છકૂઇ મારવા જતો છે ! હારા હમજ ? આ બધા કેતા છે તે તારા મનને ઘાછ કાપતાં છે શું ?

ધનાભાઇ—હંમાએ ઘાછ કાપો કે જુવાર ઢારો ? જોએ તો વાલ વાડો ! તેની છાયે મારે છું છબંધ ! બછ બંહા તો આજે છાંજેજ ઉપડી જવાના ! છું છમજા !

આ પ્રમાણે ધનાભાઇની ધમાલ ચાલી રહી છે એટલામાં નિશાળના માસ્તર જેઓને ત્યાં આપણા ધનાભાઇએ ન્યુસપેર સાંભળ્યું છે. તેજ માસ્તર નરભેરામ ત્યાં આવી પહોંચ્યા. આપણા માસ્તર નરભેરામ જરા ભણેલા તેમજ દેશ પરદેશની મુસાફરી કરેલી એટલે હુંશીયાર અને પટાબાજ તરીકે પંકાતા, વળી આંટી ગુટીની બાબતોમાં દરેકને તોડ પીંખી આપતા એટલે ગામના સૌ લોકોને તે વ્હાલા અને પ્યારા પ્યારા થઇ પડયા હતા. આપણા માછતર નરભેરામ ઘરમાં ઘૂસ્યા કે બન્ને ભાઇઓ બોલી ઉઠયા. આવો માછતર છાહેબ ! પધારો !

બેછો ! બેછો ! કહી કેશવભાઇએ તકીયો ગોઠવી આપ્યો. માસ્તર સાહેબ તકીયે બીરાજમાન થયા કે જમના પટલાણે ; ચાનો કપ લાવી ગોઠવી દીધો.

પ્રિય વાંચક હવે તો આપણા ધનાભાઇના ઘરમાં એક નાનકડી મીજલસ જેવો દેખાવ થઇ રહયો. ત્રણે જણા ચાની રકાબીઓ હાથમાં લઇ સુસવાડા અને ફુંફાડા સાથે ગટકાવવા મંડયા.

જમના પટલણે સુડી અને સોપારી લાવી હાજર કર્યાં. કેશવભાઇ સોપારી ચુરો કરી સર્વ ભાઇઓને વહેંચવા મંડયા. ધનાભાઇએ પણ વ્હેલા વ્હેલા પરવારી જઇ એક ખાસો મઝાનો મોટટો બીડો વાળી વિવેક કર્યો.

ધનાપટેલ—લો, માછતર છાઓબ ? બીડી તાણો !

માસ્તર—ઓ બાપરે...આવડી મોટી બીડી ! તોબા ! તોબા ! આપણાથી તો નહિ પીવાય.

(વચમાંજ કેશવભાઇ ચીડાઇ બોલી ઉઠયા)

કેશવભાઇ—હત ? છછરા ગમાર ? હારા ગધેડા ! માછતર તે વરી એવડી મોટી બીડી તાણી હકે કે ? ઇમને ? તો બછ આમ કેવી નાલ્લી હરખી ! લવંગીઆ બીડી જોઇએ ! લાવ ! લાવ ! હારા ! હું વારી આપતો છેમ ?

માસ્તર—તો શું યાર ? કેશવભાઇ ! આપણા ધનાભાઇનું કામ જરા જંગલી જેવું તો ખરૂં ?

કેશવભાઇ—તો હું ! હારો જડહા જેવો ! કાલ છાંજ ! છાંજનો મુમ્બઇ જવાનેજ માથા ફોડાવીઆ કરતો છે ! વરી આજે છાંજેજ જવાનું કેતો છે ! એ હહરાનું થાય હું !

માસ્તર—અરે વળી એમ તે કંઇ મુંબઇ જવાતું હશે કે ? સમજો ! ધનાભાઇ સમજો ! કાગળ બાગળ લખ્યા પછી જજો, નહિ તો ખાલી ખરાબ થઇ જશો ! ખબર વિના તમો અજાણ્યા ત્યાં કયાં અથડાશો ? બોલો જોઉં ? તમો મુંબઇ જશો ? તે કયા સ્ટેશને ઉતરશો ?

ધનાભાઇ—મુમ્મઇના ટેશણે ઉતરશ ? હારૂ એટલુ પણ ભુલી જવાનો કે ? હું માછતર તમે પણ એ બધાની હાથે મારી મછકરી ઉડાવતા છેઓ !

કેશવભાઈ—તોરડુ ? હારા તારા બાપનું ! મમ્મઇનું વરી ટેશણજ કાં છે ? હહરા ? તેં તો ચલીરોટનું ટેશણ છે ? ચલીરોટનું ! કેમ માછતર છાએબ !

માસ્તર—જીહા ! સ્ટેશન તો ઘણા છે. પણ આપણો ગોપાળ ભુલેશ્વર લત્તામાં રહે છે એટલે ચર્નીરોડ ઉતરવું ઠીક પડે.

ધનાભાઇ—ઠીક છે ! આપણે પણ તેં ચલીગેટ ઉતરહું ? છું છમજા ! જવાના તો આજે છાંજે !

કેશવભાઇ—કો ! માછતર ? આ હારાનું હું કરીએ ? એ હહરો ? માનતો ની...ને મારો જીવ તો ઉથલ પાથલ થઇ જતો છે ? હારો બછરાઇ ઉંટ જેવો ? તે કેથો રવડી જતો રેવાનો છે ?

માસ્તર—અરે એમ ગભરાઇ શું જાઓ છો ! એનો પણ રસ્તો કાઢીએ ? એમાં શું મોટી વાત છે ?

રસ્તો કાઢવાની વાત આવી એટલે તો આપણા ધનાભાઇ ખુશી ખુશાલી સાથે પોકારી ઉઠયા !

છાબાછ ? છાબાછ ? માછતર છાએબ ? છાબાછ ? રાઇખો છે રંગ ? છું છમજા ?

હમજાઓ? હમજાઓ? હારા જડહાઓને? હારા ઘર કુકડાઓને?

માસ્તર—જુઓ ? સાંભળો કેશવભાઇ ? એમને આજે સાંજેજ જવું હોય ? તો ભલે જવા દયો ? તમે ગોપાળને તાર કરી દ્યો—કે તે સવારે ચર્નીરોડ સ્ટેશને આવી ઉતારી જશે. હજુ ટાઇમ ઘણો છે. જો ફરમાવો તો હું તારને માટે ગોઠવણ કરું ? આપ એમના બાધા વીગેરેની સમજણ કરો પછી છે કાંઇ વાંધો ?

પ્રિય વાંચક, આવો સફાઇ ભર્યો તોડ સાંભળી દરેક જણ ખુશી ખુશી થઇ ગયા, કેશવભાઇએ માસ્તર સાહેબને ઠેંકસ આપી ! જમના પટલાણે ઓવારણા લઇ કડાકા ફોડયા ! આપણા ધનાભાઇ તો ઠેકડો મારી માસ્તરની છેક નજીક આવી બે હાથે ધબોધબ માસ્તરના વાંસાપર આશીર્વાદો ધબકાવવા મંડયા.

છાબાછ ! માછતર છાએબ ! છાબાછ.

પ્રકરણ ૩ જું.

એ હારા રામા તૈં હંભારજે !!

આટલી બધી ઠેંકસોની વચ્ચે આપણા માસ્તર નરભેરામ તારને માટે સગવડ કરવા ચાલ્યા ગયા. કેશવભાઇએ બે ચાર કુંબળાઓને આ બાજુ, પેલી બાજુ દોડાવ્યા. જમના પટલાણે રાંધણીમાં ધમાલ મચાવી મુકી. ધનાભાઇ પણ ખુશી ખુશી થતા, મલકાતા મુખે, ખોંખારાની સાથે ધુમાડાના ગોટા ઉડાવતા ! ઓટલા ઉપર આવી પહોંચ્યા ! સામેથી મોરીયા હજામને આવતો જોઇ પોકારી ઉઠયા.

એ આવજો ભાઇ ! અમે તો અવે મમ્મઇ જઇહું ! ઘું છમજો !

મોરીયો—એ છલામ ! પટેલકાકા !

પટેલ—આવ ? પોર્યા બેછીજા ! માથું મુડાવવું છે ?

મોરીયો—અરે કાકા ? આજતો બુધવાર થાઓ ! તમારૂ તો રૈવારે મુડવાનું !

પટેલ—તીમાહું ! હારો જાણુતોની ઓય-કે આ તારો કાકો આજે છાંજે-મમ્મઇ જવાનો છે !

મોરીયો—હં એમ છે ! આજે છાંજનુંજ નક્કી થીઉ ! ચાલો ! તીઆરે તો આપડો હંગાથ થવાનો.

પટેલ—કેમ પોર્યા તું પણ મમ્મઇ આવતો છેહું ?

મોરીયો—નઇરે કાકા ! ઉં તો છુરત જવાનો છેમ ?

પટેલ—તેં હંગાથ હાનો હારો ગધેડો ! ઉં તો મમ્મઇ જવાનો છેમ ? છું છમજ્જો ?

મોરીયો—હા હા મુમ્મઇ પણ તે છુરત વગર કેં રીયા જહો.

પટેલ—એમ છે હારૂ ! ચાલો તેં હાથે જહું ! છું છમજ્જો ! આપણો મોરયો પાણી લાવી પેઠી જમાવી બેસી ગયો.

મોરીયો—ચાલો પટેલ કાકા બેછી જાઓ.

પટેલ—બેછું તો ખરો પણ હજામત એવી બને કે આમ છકકઇ છેલ જેવી ! છું છમજ્જો ! બચ્ચા મોરીયા હજામત એવી બને કે બછ આમ તરીમ તરાક છું છમજ્જો.

મોરીયો—અરે તમે બેછી તો જાઓ પછી જુઓ છપાટો.

ધનાભાઇ પલાઠી વાળી, પગપર કટકો પાથરી હાથમાં આરસી લઇ મોરીઆની સામે ગોઠવાઇ ગયા મોરીયાએ દાઢી ઝાલી સટાસટ બોલાવતા સવાલ કર્યો ?

મોરીયો—કાકા ! તીઆરે તમે તો હારૂ આજે છાંજે મુમ્મઇ જવાનાં કેમ !

પટેલ—હા, હા, મમ્મઇ જવાના !

મોરીયો:—ઠીક ! પણ તેં હંભારજ્જો ! એ હારૂ કૈં મોતા કે બારડોલી નથી તેં તો હારૂ બછ માણહજ માણહજ—ને ઘોડા ગાલ્લી ગણતા થાકી જીએ એટલી; વરી તમે તો તેંના ગાલ્લા જોઇનેજ

આહી પડહો ! હારા જારદીવા પણ કંઇ નીહારા ! ને એ કાકા ! હેલા વગર હીંગડાના પાડાથી ખુબ હંભાર રાખજો ! નીતો ભુકાજ ઉડી જહે !

પટેલ—હે અઇલા-વરીએ હું કેતો છે ? વગર હીંગડાના પાડા ! હારા મેંતો કોઇ દાડે જોયાએ નથી ને હાંભરાએ નથી. હું છમજો ? તારાછમ ? તારે ગરે આથ ?

મોરીયો—નીકઇરા છે કાકા ? અમણાજ છરકારે કાઇડા છે ? તમને હું ખબર છે ? વરી હારાને કોણ જાણે હું પાઇને દોડાવતા છે કે બેંબું કરતા આફા ! પેલીફા ધુમીયાજ કરે ? આપડુને તો જોઇને ચકરી આવી જાય !

પટેલ—હારો બીકણુ ? હહરા એવું ઓય તીયારે તો એવા અકકલ થઇને ઉભા રીએ ! કે હારી ચકરી હું આવી જાય ? ઉતો બીઉ ! કંઇ નઇ હારાની હામેજ થઇ જાઉં ! હું છમજો ? તારા છમ ? તારે ગરે આથ ?

મોરીયો—અરે ભુકા ઉડી જાય કાકા ? એ બધી તમારી છફઇની ચાલે, ઝાઝું કરો તો હેલા ટોપીવારા ધપ્પા મારે ચાર–ને પાધડું બાધડું ગબડાવી દે ? વરી કાકા ? પાડાનું નામ હાંભયરૂં. નામ ?

પટેલ—નહી ભાય ? હારાનું વરી નામ પણ પઇડું છે હું—

મોરીયો—ઓવે ? ઓવે ! હારા તીને મોટરકાર કેતા છે. હમજાકે કાકા.

પટેલ—અરે ગમે તેવો મોટાકાર ઓય તો હું થીઉ–? હારા જો જેની ઉતો છવારી હુહા કરા ! હારાના કાન ઝાલતો કને છડી બેહા ? હું છમજો ? તારાછમ તારે ગરે આથ ?

મોરીયો—કાન ઓય તીઆરે ને-હારો બધેથી બેડોબટ જેવો આવતો છે. છરકાર કંઇ કાચી નથી તો બાય એવું કંઇ રાઇખું ઓય તો તો બધાજ છડી બેહે પણ-તાં તો બધું છાફ કલીન છે. નીમરે કાન કે નીમરે હીંગડા ને હારાને પુછડું પણ નઇ ? જોઓ તે તો કાકા ? ઉંતો હારો પુંછડેજ ટીંગઇ જતે ? ?

લ્યો આ અજામત બની ગેઇ ? તપાછો ! છે આમ છાફ-કલીન -ા લી........સુ લપાક જેવું.

પટેલે માથે અને દાઢીએ હાથ ફેરવ્યો !

પટેલ—વાહ છાબાછ ! દોછ ખરેખરી બની ગેઇ આતો હારા મચ્મઇનીજ અજામત ! જોતો ખરો પોર્યા ! આ ગાલ હું તકતકે ! હારી દાડી તો લપક ! લપક ! થીયા કરતી છે ! નેએ આ અંઇ તો આથ ફેરવીજો ? ધનાભાઇએ મોરીયાનો હાથ ઝાલી માથા ઉપર ફેરવાવ્યો, મારો હા...રો ? ઉંછીઆર ? ઉછતાદ ? કારીગર ઉછતાદ ! હમાંતો છક નીબાય !

આ હાંભળી હજામભાઇની ચસ્કી ! મોરીયો ફુલાયો ! ઠાવકો ચહેરો રાખી બોલી ઉઠયો !

મોરીયો—અરે કાકા ! ઉછતાદીની હું વાત કરો છો ! ધનુછ બાગની બીચમાં અચ્છા અચ્છા છાહુકારોને મુડી લાઇખા ! પણ હહરાનું કીછમતજ કંઇથી હારૂ છે. નીતો આ મોરીયાભાઇ બે પઇમાં દાઢી બોડતે. હેન ફેટ લ્યો છલામ !

પટેલ—ઓય મારો છછરો અનરેજી લલકારતો દેહુંને હું ? અલ્યા પણે તું આવહે કીઆરે ?

મોરીયો—આપ કો તીઆરે આઉ ? ફરમાવો હુકમ ?

પટેલ—બરાબર છાડા બારે આવ! વાદરની વચ્ચમાં ધુરીનારાણુ આય તીબારે છું છમજે!

સલામ ભરી મોરીયો રવાના થઇ ગયો આપણા ધનાભાઇ પણ ઉઠી, પાછળ નાવણી તરફ ચાલતા થયા. નાહી ધોઇ પરવારી રાધણીમાં ધુસ્યા. પટલણની ધમાલ જોઇ ચીડાયા.

પટેલ—આ હુ બધી ધમાલ કરી મુકી છે? હાહરી તારે ઘેર કેઇ તાડી હીરી બાડી હીરી આવી ગેઇ હું! કંઇ પાપડ તરી કાઇડા છે! ઢેબ્રરાની ઠોકને ઠોક છીંચી દીધી છે! એ હારૂં બધું હું! ધું છમજી.

પટલણ—ઓય શું! મોકાણુ મારી! હારા ચગડોર જેવા? ખબર ની ઓય કે છાંજે મમ્મઇ જવું છે! ભાથા વગર ખાહો હું!

પટેલ—મારૂં ભાથું છે! હાં! કરો ચોકછ લાવો ભાણુ પીહરો?

પટલણે ભાણુ પીરસી. તઇયાર કરી પટેલ પાસે ગેઠવી દીધું. પટેલ ખાઇ હાથ ધોઇ ઓડકાર ખાતા આગળ પરસાળમાં આવી પહોંચ્યા. એટલે કેશવભાઇ બુમાબુમ કરતા ઘરમાં ઘુસ્યા.

કેશવભાઇ—કેમરે? અઇલા ધનીયા? આફા પેલીફા ફરીયા કરે તે કંઇ જઇમો બઇમો કે હારા બોચડા?

પટેલ—ઓઇઆં...ધું છમજા? લુંગડાં! પેરતાજવાર?

કેશવભાઈ—ઠીક બઉ હારૂ? કંઇ ભાથુ બાથુ બાઇધું!

(એટલે જમના પટલણ બોલી ઉઠયા).

જમના—મોટાભાઇ ઉ તેજ કરતી છેમ? જુઓ આ ઢેબરા કહરા છે! પાપડ હ'ધાનો ચુરો કરી લાઇખો છે! ગોર પાપડીમાં ઘી પણ ઘણું બધું લાઇખું છે. હોંકે મોટાભાઇ! ઓહે બીચારા ખાહે! વળી આંથણા પણ બાંધતી છેમ!

કેશવભાઇ—ઠીક, ઠીક, ! વેલાહર તીયાર કરો વેરા થવા આવી છે!

એટલામાં તો આપણા મોરીયાભાઇ ચે–ચું બોલતા જોડા પ્હેરી આવી પહોંચ્યા–મોરીયાનો રોફ જોઇ કેશવભાઇ બોલી ઉઠયા.

ઇ......યેલ્સે ! મારો છછ...રો ! કંઇ ખુબ રોફમાં ફરતો દેહુને હું ? કુથે જતો છેહુ પોર્યા !

મોરીયો—કેછવકાકા હું છુરત જતો છેમ ?

કેશવભાઇ—ચાલો તીયારે તો છતર આનાને બે પંઇ ઉપર–! જો હાંભર પોર્યા આ તારા ધનાકાકા મુમ્બઇ જતા છે ! તીને હાથે રાખજે–ને છુરતથી હેલી ગાડીમાં વોરે બેહાડી દેજે નીતો એ હારો રાબા જેવો છે !

મોરીયો—તેટલા દોછતી તો આઇવો છેમ ? બરાબર ચોકછ બેહાડી દેવા ચાલો અવે તાકીદ કરો ! ટેમ થવા આવી છે.

આપણા ધનાભાઇએ કપડાં પહેરવા માંડયાં. રેશમી કોરનું ધોતીયું દોટીની કસોવાલી બંડી ! ઉપર દોટીનુંજ બદન તે ઉપર નાનકલાકનો અંગરખો ચઢાવ્યો પાઘડી હાથમાં લઇ સાફસુફ કરી માથે ગોઠવી આરસીમાં જોઇ આ બાજુ પેલી બાજુ ફેરવી પણ કંઇ મન માન્યું નહી એટલે ધનાભાઇએ પાઘડીને ધીક્કાર આપવા માંડયો.

ધનાભાઇ—હારી આજે વરી તને હું વાયું થયું છે ! હહરી જીયારની મથાવીઆ કરતી છે ! અમણાહી ઝાલીને અફારીજ લાખા.

પાઘડી બીચારી બ્હી ગઇ. એકદમ ડપ દઇને માથા સાથે ચોટી ગઇ. ધનાભાઇ ખુશી ખુશી થતાં ઉઠી ઉભા થયા. બારણાં પાસે આવી જેવો જોડામાં પગ ઘાલ્યો કે કેશવભાઇ ખીજાઇ જઇ બોલી ઉઠયા.

કેશવભાઇ—મેર છછરા ગધેડા હારા બબુચક આવા જોડા પેરીને તે હાર મમ્બઇ જવાતું હોહે કે હારા કાડી લાખ કાડી લાખ.

ધનાભાઇ—તીઆરે પેરં હું છછરો છુંવર ! આપીની ગીયો તે હહરા મોચને તો પાણીનું ટીપું નીઓય તાં વાડવો જોઇએ. હું છમજા. હારાએ બધો છવાદ બગાડી લાઇખો !

કેશવભાઇ—અરે હું એમ બી ગયો ! હારૂ ! એમ તે હું કંઇ છેકજ છતીયાનાછ વરી ગયું છે હું જાતો પોર્યા પેમલા દોડતો દેકરા આપડે ઘેર તારી કાકીને કીયે કે હેલો કાલે નવો જોડા તેલ પાઇ અડારીમાં મુઇકો છે તે આપોતો.

પેમલો ઉતાવળો ઉતાવળો ચાલતો થયો એટલે કેશવભાઇએ ધનાભાઇને શીખામણ દેવા માંડી.

જો જે હારા તે હંભારજે ગાડીમાં ઉગતો નઇ નીતો કંઇનો કંઇ તણાઇ જહે ! એતો હારી ગાડીનું કામ રાત ને દાડો ચાલીયાજ કરે વળી કોથરો હાચવજે ?

પેમલો જોડા લઇ આવી પહોંચ્યો વ્હેલા વ્હેલા કેશવભાઇએ હાથમાં લઇ ધનાભાઇના પગ પાસે ગોઠવી દીધા. ધનાભાઇએ માંહે પગ ઘાલ્યો અને મોઢું કટાણું કરી પાછો ખેંચી લીધો. કેશવભાઇ બોલી ઉઠયા.

કેમ ! કેમ ! હું થીઉં બાય ?

ધનાભાઇ—હારો જરા નડતો છે હું છમજા.

કેશવભાઈ—તીમાં એમ બાયલા જેવો બી હું ગયો ! દાબી દુબીને ઢકેલી ઘાલ. એતો ધીરે રેઇને બન બેહતુ આવી રેહે !

કેશવભાઇના કહેવા પ્રમાણે ધનાભાઇએ જોર કરી જોડા ચઢાવ્યા સૌ બારણે આવ્યા. પેમલા દુબળાએ સરસામાનનો કોથળો માફામાં મૂકી દીધો ધનાભાઇ સૌને આવજો હાચવજો વગેરે શબ્દો કહેતા માફામાં બીરાજમાન થયા. મોરીયો પણ ગોઠવાઇ ગયો.

એ આવજો ! સૌને બોલાવજો ! ઠાગર બાગર ! લખજો વીગેરે અનેક તરાહની કોલાહલ વચ્ચે પેમલા દુબળાએ માફો ચાલતો કર્યો. ધનન-ધનન ઘુઘરા ખખડાવતા બળદો ચાલતા થયા એટલે કેશવ-ભાઇએ મોટેથી ધનાભાઇને ભલામણ કરી.

એ હારા રાભા ! ત હભારજે ! !

પ્રકરણ ૪ થું.

એ છલામ પટેલ કાકા ! આવજો !

પ્રિય વાંચક, ઓ જાય પેલો જાય કરતાં માફો પાદર બહાર નીકળી ગયો, પેમલા દુબળાએ ગોધાને લલકારી લેવા માંડયા. પટેલ અને મોરીયો વાતે વળગ્યા.

પટેલ—પોર્યા મોરીયા ! એ હારૂ મમ્મઇ બઉ વખણાતુ છે તે કેવુંક છે.

મોરીયો—અરે કાકા હું વાત કરૂં બછ જાણે પરમેહરને તેનું છરગછ્તાનજ છમજો ! ભારે મોટું ભપકા વારૂં ગામ જો જો તો ખરા બધું જોઇ જોઇને તમને તો હારી ભડક પેછી જછે ! ભડક !

પટેલ—જા ! જા ! હારા ઉંને કંઇ એવો બાઇલો છેમ જે હારીને બેછવા દઉં હારી આવે કે ઝાલીને અફારીજ લાખું ! છું છમજો !

મોરીયો—એ તો તઇ પોંછહો તીઆરેજ ખબર પડહે ! હારૂં અકરઇ અકરઇ ગુંગરઇ જવાય ! ઉંહારો ઝટ દઇને ભાગગો ને કે તારી માનુ મમ્મઇ પંચણે હત તેરીકી હારૂ કંઇની હારૂ !

પટેલ—બેછ બેછ હારા ડોબા! મમ્મઇ! એતો બછ મમ્મઇજ છે! હું છમજ્યો!

એમ સટર પટર વાતોના સપાટામાં બારડોલીનું સ્ટેશન આવી પહોંચ્યું. પેમલા દુબળાએ માફો ઉભો રાખ્યો. ધનાભાઇ અને મોરીયો ઉતરી પડયા. પેમલાએ બળદોને છોડી માફાના પૈડા સાથે બાંધી દઇ માથે કોથળો ઉપાડી લીધો ત્રણે જણા સ્ટેશન ઉપર આવ્યા. મોરીયાએ ટીકીટો લીધી. દરવાજે કપાવી અંદર ઘુસ્યા ગાડીનો વખત ભરાઇ ગયો હતો. પેસેન્જરોની ધમાલ વચ્ચે ગોટા ઉડાવતી ગાડી સુસવાડા બોલાવતી સ્ટેશન ઉપર આવી ઉભી રહી. પેસેન્જરોની ચઢ ઉતર સરૂ થઇ. આપણા મોરીયાએ પણ ધનાભાઇ સાથે કોથળો લઇ એક ખાનામાં ઘુસી જઇ બારણું બંધ કર્યું!

ગરમ ચેવડા! સુરતની બરફી! ગુલાબજાંબુ? સકરપાળે ચાઇ ગરમ! પાનની પટ્ટી લાલમલાલ! બ્રાહ્મણીયા પાણી, લજ્જત બીડી!

વીગેરે અવાજોના પોકાર વચ્ચે ટન ટન, ટન ટન, ઘંટાનો ઘોષકર્ણ ગોચર થયો. સીટ સીટ સીટીની સાથે ગાડી ચાલતી થઇ! આપણા ધનાભાઇ સવડ કરી પ્લાટ ફોર્મ ઉપર પાઘડી બાજુમાં રાખી બેસી ગયા. ખાસો મઝાનો બીડો વાળી સળગાવી ધુમાડાના ગોટા ઉડાવતા બોલી ઉઠયા!

પટેલ—જોયું પોર્યા! આપણ છંચા કેવા બનાઇવા છે. હારૂ ની જોઇએ ધોડું કે ની જોઇએ ગધેડું ચાવી ચઢાવી કે બસ સુરરરરર... સપ દેતું ચાઇલું! હું છમજ્યો!

મોરીયો—તો હું હારૂ એ કાકા આપણી ગાલ્લીનું અંજીર કંઇ ચાવી આપ્યાનું નથી, ઇમાં તો હારા કોલછા બારીને દોડાવતા છે.

પટેલ—હું એમજ દેહુ મોરીયા આપડી રેકડીને ધની હાથે મેલી ઓય તો હું વેહ થાય કોણુ છરત જીતે.

મોરીયો—અરે રેકડી એકડીના ભુકા ઉડી જાય. ને એછનારના બાર વાગી જાએ કાકા જોજો જડહા જેવા કોઇ દાડો એવું કરતા નીતો પરછોતમ દાદાને પાણી પાવા પોંકી જહો.

એ પ્રમાણે ઠાઠા ઠીઠીમાં ચલથાણુ સ્ટેશન આવી પહોંચ્યું ગાડી ધીમી પડી એટલે ધનાભાઇ બોલી ઉઠયા.

પટેલ—કેમ કેમ હારી આ આમ ડચક ડચક ચાલવા માંડી? કંઇ ખીલી બીલી નીકરી ગઇ કે હું—જો તો પોર્યા.

મોરીયો—અરે નઇરે કાકા। એ તો ચલથાણનું ટેછીન આઇવું! અં'ઇ પાછી હારી ઉભી રેતી છે તો!

પટેલ—હું તીમાંજ ઉં'તો હારો જાણું—કે કંઇ આંક બાંક બાંઇગીયો કે હું. છું છમજો.

એટલે તો સરરરરરરરર......દેતી ગાડી ચાલતી થઇ. કેમ કેમ આ હારી નાઠી હેલુ ઝાડ દેખી ભડકી કે હું જોતો પોર્યા.

મોરીયો—હારા તમે તો છેક ડફેર જેવાજ દેહુ બેઠા તીયારના હારા ગાંડા જેવાજ થઇ ગીયા છો. હારૂ એટલામાંજ આમ બાવરા બની ગીયા છો. તો તો મમ્મઇમાં તમારા હું વેહ થહે કાકા ડાચુ વલ્લુ થેઇ જતું રેવાનું છે જો.

પટેલ—અરે હું વલ્લુ થૈ જાય હારાને એવું જોરથી ભીડી રાખું કે બઇ દુછમન માફક છું છમજો.

મોરીયો—તે તો તાંજ ખબર પડહે તો! પાછા આવછો તીયારે છલામ કરહું.

પટેલ—હં પોર્યા મોરીયા આ હંધા લોકો વાત કરતાં છે કે મમ્મઇ ગામમાં વાડાનું તો નામજ ની મરે, તીઆરે હારા ઢોર કંઇ ચરતા ઓહે ઢોર.

મોરીયો–હત તમારીકી......મુમ્મઇના ઢોર તે વરી ગાહ ચરતા ઓહેકે અરે એ તો હહરા આમ કેવું કેવું ખાઇ!

એમ ગપ્પામાંને ગપ્પામાં ગાડી ઠેઠ સુરત સ્ટેશનની નજીક આવી પહોંચી. મીલોનાં ભુગળાં અને મોટું ટાવર દેખાવા માંડયું–આંગળી વતી મીલનું ભુગળું બતાવી ધનાભાઇ બોલ્યા.

પટેલ—અધધધ......બાપ...ઓહે...લ્લુ ઉંચુ! ઉંચુ ને ઘોરૂ! ઘોરૂ! હુ દેખાતું છે!

મોરીયો–(સુકીઠોકી) એજ હુરત એટલી પણ ખબર ની દેહુ–જાઓ–જાઓ પટેલકાકા તમે તો છેક ગદ્ધા જેવા છો!

પટેલ—કેમ હારા ફાઇટો કે હું હારા ગધ્ધો તારો બાપ હહરા મને હુ ખબર કે હારૂ હુરત આવું છે આ તો હારૂ ઉંચુ ઉંચુ ને લાંબુ તુરીયા જેવું છે આવું હુરત આતો કંઇની હારૂ! ધ–તેતેરીકી હું છમજો એટલે તો ધરૂરૂરૂરૂ.........કરતી ગાડી સુરત સ્ટેશન ઉપર આવી–ઉભી રહી મજુર! મજુર! શેઠ મજુર! એ હરીલાલ આ બાજુ વીગેરે અનેક તરાહની કોલાહલ મચી રહી મોરીયાએ પટેલને કહયું?

મોરીયો—એ કાકા? હુરત આઇવું!

પટેલ—એમ લે તીયારે આ પાઘડી ઝાલ! હું બેછની ઉધણુ કરી કાયરો ઉપાડી લેતો છેમ. હું છમજો!

મોરીયો—ના, હુકામ મજુર કરી લેહુ! ચાર પઇહા ઉડાડી લાખહુ!

પટેલ—નઇરે ભાય અ–લે કેછવભાઇએ કએલું તેમજ કરવાનો.

મોરીયો—ઠીક બલે લાવો.

એ પ્રમાણે પાપડી મોરીયાને આપી. માથે કોથરો ઉપાડી ધનાભાઇ ચાલતા થયા. ધીરે ધીરે ધક્કા ખાતું સરઘસતાન દાદરો ઉતરી દરવાજા ઉપર આવી. પહોચ્યું-માસ્તરને કસોમાં બાંધેલી ટીકીટ બતાવી આપણા ધનાભાઇ બોલ્યા !

એ છલામ. માછતર છાએબ ! અમે તો મમ્મઇ જતા છીએ ! છૂ છમજા ! આ પોર્યા પાછે પાપડી છે-તે મારી-છે માથાપરના કોથરામાં ઢેબરા ! તરેલા પાપડનો ચુરો ! ગોર પાપડી ને બે ચાર જાતના આથણાં છે ! બોલો છૂં વીચાર છે ! છોડુ ! છોડું ! નાછતો કરવો છે.

માસ્તર એકદમ ચીડાઇ ગયા.

ઓ યુ ઢેમ રાસકલ.

કહી એક ધક્કો માર્યો એટલે પમ દઇને આપણા ધનાભાઇ દરવાજા બ્હાર નીકળી ગયા. મોરીયો પણ ટીકીટ આપી પાછળ સરકી આવ્યો.

ધીરે ધીરે ધનાભાઇને કુવા પાસે લાવી કોથળો ઉતરાવી મોરીયો બોલી ઉઠયો !

મોરીયો—એ કાકા ! લાવો લોટો હું પાણી ભરી લાઉ-તમે જરા નાછતો બાછતો કરી લો પેલી હારી અમણા આવી પોંચહે !

પટેલે મોરીઆના કહેવા મુજબ લોટો કાઢી આપ્યો. મોરીયો લોટો લઇ-ચાલતો થયો. એટલે ધનાભાઇએ નાસ્તાના બે ભાણા તૈયાર કર્યા મોરીયો આવી પહોંચ્યો બન્ને જણા નાસ્તો કરવા બેસી ગયા.

આપણા ધનાભાઇએ ઉતાવળને લીધે ઢેબરાં ભાગ્યા વગરજ આખુને આખુ કાંસીકુસી મોંઢામાં ધકેલી દેવા માંડયું મોરીયો પણ વખાણી વખાણી ગોળપાપડી ગપાગપ ગટકાવવા મંડયો. એટલામાં ટન-ટન-ટન-ટન-ઘંટાનો અવાજ સંભળાયો મોરીયો બોલી ઉઠયો.

એ કાકા ઉતાવર કરો હેલી આવી પોચી.

એટલે એકદમ હાથ પોઇ નાંખ્યા. મોરીયો પટેલની રહેલી ગોર પાપડી ગલોફામાં ઘાલી લોટો લઇ ચાલતો થયો. ઉપર ધુધવાડા બોલાવતી ગાડી આવી ઉભી રહી. મોરીયાને ગોળપાપડી ચાવતા વાર થઇ એટલે ધનાભાઇનો ગભરાટની સાથે બકબકાટ ચાલુ થયો.

પટેલ—એ હારો ગીઓ કંઇ ? હહરો રવડાવી મારહે કે હું ! છે હારાનું અજુ-ઠેકાણું ! ઓ તારૂં છતીયાનાછ થાયરે મોરીયા આ હારા હયાં ચ્હડી ચાયલા ! ઇ છેલ્લો જવા તે બેહાઓ કંઇ ! એથીયું હુ—હહરીનો કેથે માથુ મુડવા બેઠી ગયો કે હું !

એટલામાં ટનટન, ટનટટન ફરી ઘંટો વાગ્યો અને સામેથી મોરીયો દેખાયો આવી પહોંચ્યો એટલે તુરત ધનાભાઇએ વધાવા માંડયો.

એ હારા ગળાડી કાડ ! ગબાડી ! હારી ચાલી જતી છે ! હાંફલો ફાંફલો મોરીયો આવી પહોંચ્યો એટલે તુરત ધનાભાઇએ વધાવવા માંડયો.

કંઇ ગયેલો હારા મદ્દા ! હેલી તારી દાદી કીયારની આવીને ઉભી રઇ છે. તે છરમ રાખવાની ઓહેં કે ! હહરા કેટલા ઘંટા વાઇગા હારા બેરો દુકા ચાલ ઉતાવરો નીતો રઈ જવાનો-છું છમજે !

મોરીયો—પાછ લેવા ગીએલોરે કાકા ! ઘંટો તો હારો પાંચ મીલેટનો થીયો ! ચાલો ચાલો, જલદી કરો તમોને બેછાડી દઉં.

ઉતાવળા ઉતાવળા બંને જણા દરવાજા નજીક આવી પહોંચ્યા—ટીકીટ બતાવી બન્ને પગથીએ હાદર ચ્હડી ઉપર આવ્યા. એક ઉઘાડા બારણાવાળા ખાનામાં ધનાભાઇને બેસાડી મોરીએ બારણું બંધ કર્યું સીટ સીટ. સીટીની સાથે એન્જીનનો વીસલ થયો અને ગાડી ચાલતી થઇ—મોરીયાએ પટેલને સલામ ભરી.

એ સલામ પટેલ કાકા આવજો !

પ્રકરણ ૫ મું.

હુત તારા પરમેહુરની ! કંઇની હારો.

પ્રિય વાંચક, પવનવેગે ગાડી સુરતનું સ્ટેશન છોડી પસાર થઈ ગઇ. મોરીયો ટગર, ટગર જોતો વીલે મોઢે પાછો ફર્યો. આપણા ધનાભાઇ મુંબઈ તરફ ચાલવા માંડયા.

ધનાભાઇના કમ્પાર્ટમેન્ટમાં તેઓ સાથે ફકત ત્રણજ પેસેનજરો હતા. જેમાં એક ચરોતર જીલ્લાના પાટીદાર ગ્રહસ્થ મોહનલાલ અને બીજા તેઓના મિત્ર ભુલાભાઇ હતા. ભુલાભાઇ પણ પાટીદાર જ્ઞાતીના એક એજ્યુકેટેડ-જુવાન હતા. આ બંને પાટીદાર ગ્રહસ્થો જ્ઞાતિ અભિમાન સારૂ ધરાવતા-ભાઇઓની જીંદગી સુધારવા તેઓએ એક પાટીદાર સુધારક સમાજ સ્થાપી હતી. જેમાં પ્રમુખસ્થાન અને સેક્રેટરીનો હોદ્દો આપણા મોહનલાલ ભોગવતા.

આ બાજુ ધનાભાઇ તો બેઠા ત્યારના કોથળો ખોળામાં રાખી —એફ્રીટસે બત્તાની સામે ટગર મગર જોઇ રહ્યા છે.

આ નવા મેકરના માણુસને જોઇ આપણા મોહનલાલ અને ભુલાભાઇ વીચારમાં પડી ગયા. ઝટ ફેંસલો લાવવા મોહનલાલે ધનાભાઇને પ્રશ્ન કર્યો ?

મોહનલાલ—ભાઈ આપનું નામ શું કયાં પધારો છો.

ધનાભાઇ—મારૂં નામ ધનો અને મગ્મઇ જતા છીયે ભાય.

મોહનલાલ—ડીક ભલે કયાં ઉતરવાના છો ?

ધનાભાઈ—એ હારૂ તેંજ તો હેલુ હું કેવાતું છે ચણી...ગેટ ચણીગેટ.

મોહનલાલ અને ભુલાભાઇ હસી પડયા વધારે જાણવાની જીજ્ઞાસાથી મોહનલાલે ફરી ધનાભાઇને સવાલ કર્યો.

મોહનલાલ—ઠીક ત્યારે તો આપણો સંગાથ છે. વારૂં મુંબઇ શા માટે પધારો છો કયાંના રહીશ છો ગ્નાતે કેવા છો.

ધનાભાઇ—ઓ બાપરે હારૂ આટલું બધું લાંબુ લપછીદાર જેવું પુછો તે ઉં હારો ગામડીયો હી રીતે જવાબ આલુ તમે તો માછતર છેઓ ને હતો હારો ગામડીયો છેમ છું છમજ્યા જો એક એક પુછો તો વોરે ખુલાછો કરૂં.

મોહનલાલ—ઠીક ભલે ભલે ભાઇ ગભરાશો નહિ લ્યો એક એક પુછુ આપ કયાંના રહીશ છો.

ધનાભાઈ—હુરતની પાછે બારડોલી કછ્બાના મોતા ગામમાં રેતા છીએ છું છમજ્યા ?

મોહનલાલ—શી ન્યાત છો ?

ધનાભાઈ—કણુબી ? હેવી પટલીયા કેવાતા છેને તે છું છમજ્યા ?

કણુબી શબ્દ સાંભળ્યો એટલે આપણા મોહનલાલ તો સડકજ થઇ ગયા. હસવાનું કોણ જાણે કયાં ખસી ગયું અને હાય અને હુફના સુસસકાર નીકળી ગયા.

આવો મઝાનો તાકડો કંઇ આપણા ભુલાભાઇ ચુકે એવા નહોતા તુરતજ જુવાને ટચકો કર્યો.

ભુલાભાઈ—લ્યો ભાઇ એ તો તમારા ગ્નાતી બંધુજ છે. કરો ભાઇ સાથે સમાગમ કે ઉઘડે આંખ સુરત અને સુરત જીલ્લાના પાટીદાર બન્ધુઓના કારભાર કેમ ચાલી રહ્યા છે ? કેમ મારા મોહનભાઇ મૌન્ય ધારણ કર્યું. બોલો તો ખરા મારા પાટીદાર સુધારક સમાજના

સેક્રેટરી સાહેબ, કેમ આમ સુઠ ખાઈ ગયા, પુછો તો ખરા બાઇને કે તેઓ 'લેઉવા પાટીદાર છે કે કડવા ?

મોહનલાલ—ઠીક બાઈ ઠીક કરો મશ્કરી તમારો વખત છે વારૂ ધનાબાઇ આપ લેઉવા પાટીદાર કે કડવા ?

ધનાભાઇ—કોણ હારો કડતો છે એ કડવાનું તમારે તં ? હું છમજા અમે તો છારા માણહ છીએ ખબર ની ઓય—અમારી તો મો......ટીનીયાત છે ને એવુ હારૂ કે બછ આમ બારમાપર બારમા હડે—લાડુ હેલા ગોર ગોર ? ને ગર્ધરા ગધરા આવતા છે તે ? હારા લાડવા ? હુ છમજા ને વરી હુરતના છપાટા ની હાંભરા ઓય ! તાંતો એવું હારૂ આમ—બછ દોહો મરી ગીયા કે બારી દુપ્પાક ? દોહ્ડી મરી ગઇ કે મગજ દુપ્પાક ? હું છમજા ? ને વરી એવુ હારૂ કે વઉ પછંદ ની પડી કે હેલા કાગરીયાપર છઈ કરી દેવાની કે ખલાછ. છુટ્ટાછેડા હું છમજા ? છે તમારે તેં એવું ? ધંટા ઓય તીયારે ?

આ મોટું લાંબુ ને લાંબુ લેકચર સાંભળી મોહનલાલ અને ભુલાભાઇ ખુપ હસ્યા, હસ્તા હસ્તાજ મોહનલાલ બોલ્યા.

મોહનલાલ—ભુલાભાઇ ? આ ગમાર કહે છે શું ?

ભુલાભાઈ—સત્ય કહે છે ભાઇ. અક્ષરે અક્ષર સાચો કહે છે મરણુની મુબારકબાદીની મો......ટી ન્યાત જમાડે તેનું નામ બડેખાં ! વળી બે ચાર બૈરી બદલે ત્યારે તો સુરતના પાટીદાર ગ્રહસ્થની ગણત્રીમાં આવે ? ભાઇ સુરતની સુરત પપ્પાઓનું પીંજણુ તો ઘણું લાંબુ છે વળી આગળ કોઇ વખત નવરાસમાં વાત.

મોહનલાલ—વારૂ ઠીક બસે ! ભુલાભાઇ ? મારા ધારવા પ્રમાણે સુરતના લેઉવા પાટીદાર કરતા અમદાવાદી કડવા પાટીદાર કાંઇ સુધરેલા ખરા ?

ભુલાભાઇ—તો ! વાહ વાંધો શું બિચારા લેઉવા પાટીદાર બંધુઓએ મરણની ભોજન કીવાનો પ્રચાર બંધ કર્યો ત્યારે આપણા સુધરેલા ભાઇઓએ દશાના લાડવા અને અગીયારમાના દુધપાક પુરી ઉડાવવા શરૂ કર્યા કહો કેવા બહાદુર બંડા.

મોહનલાલ—શું કહ્યું ભાઇ દશા અને અગીયારમામાં તે વળી શું !

ભુલાભાઇ—એ બધીએ હું તમને આગળ મુંબઇમાં કોઇ દીવસ ફુરસદે વાત કરીશ. હાલ તો આ બિચારા ગામડીઆ ગમારનો કોથળો ઉતરાવો નહિ તો મુંબઇ પોંચતાં અડધો થઇ જશે.

મોહનભાઇ—ભલે ભાઇ જેવી આપની મરજી ! ધનાભાઇ આ કોથળો ખોળામાંથા નીચે મુકી દયોને. ખાલી શા માટે ભાર ઉપાડી રહ્યા છે.

ધનાભાઇ—હું કેતા છેઓ ? કોથળો નીચે મુકું ? હાહરાઓને ખબર ની હોય કે અંદર જોખમ ભરેલું છે.

મોહનલાલ—એમ બીજાઇ શું જાઓ છો જોખમ હોય તે કાઢી ઓસીકે મુકો. પણ બીજું સામાન તો નીચે રાખી દયો. ભલા માણસ તમને બેસવુ સુગમ પડે.

ધનાભાઇ—અ-હં-નીરે ભાઇ હારૂ બધુંજ જોખમ ! કાડુ હું ને રેવા દું દઉં.

મોહનલા—વારૂ એટલું બધું તે શું જોખમ આખો કોથળો ભરી ઉપાડી લાવ્યા છો !

ધનાભાઇ—હું કેમ હારૂ ? જુઓ ગણો ઢેબરાં છે ! તળેલા પાપડનો ચુરો છે ! ગોરપાપડી છે ? વરી બેચાર જાતના આથણાં છે હું છમજ્યા ?

મોહનલાલ—બધું સમજ્યા મહેરબાની કરી રાખી દયો કોથળો નીચે મુકી દેઓ તમારા એ સામાનનું જોખમ મારે માથે. તમને તમારો કોથળો ચર્નીરોડના સ્ટેશને સહી સલામત સોંપવો પછી છે કાંઇ વાંધો હવે આ વચન.

મોહનલાલે ધનાપટેલને વચન આપ્યું એટલે કોથળો નીચે મુકી પટેલ બત્તી સામે આંગળી કરી બોલી ઉઠયા—

ઓ બાય ઓ હે......શુ લપક લપક થીયા કરતુ છે તે હું છે હારૂં કીયારનુ ઉં બેઠો તીયારનુ લપકીયાંજ કરતું છે? ભલી ભલી જાતના જાનવર જોયા પણ આવું તો હારૂ દીઠેલુજ નઇ? શું છમજ્યા? હારી વેલાતી ચકલી છે કે હું?

મોહનલાલ અને ભુલાભાઇ ખડખડ હસી પડયા.

વાહ ખુબ કરી ધનાભાઇ આખર કરી ખતમ કરી નાખી તમારા જેવો પેસેન્જર અમને અમારી જીંદગીમાં મલ્યો નથી. હસાવી હસાવી અમારો જીવ લેવા ધાર્યું છે કે શું છે? ભલા માણસ એ તો બત્તી છે બત્તી દીવો.

પટેલ—ઓયની? ધુમો કંઇની નીકરતો, ગાછનેલના ખડીયામાંથી તો ધુમો નીકરે ધુમો! છુ છમજ્યા! આ તો હારૂ તમે મને ફુગાવતા છેઓ.

મોહનલાલ—તે આતે શું કાંઇ ગ્યાસલેટનો ખડીયો છે જે ધુમાડો નીકળે. આ તો ઇલેકટ્રીક

પટેલ—ઓય તારી માની એક અસતરી ફાડુ! હારી આવી! વાહરે બાઇ વાહ? હાહરી ગાડીવારી છરકાર તેં તો કંઇ કંઇ બનાવી લાઇખું દેખુ? છું છમજ્યા.

એટલામાં વાયુવેગે વહન કરતી પેસેન્જર ટ્રેન દમણ સ્ટેશન ઉપર આવી ઉભી રહી. ધનાભાઇ ગભરાઇ બોલી ઉઠયા હારૂ આઇવું કે હું?

મોહનલાલ—નહિ ભાઈ આતો દમણ છે મુંબઇ તો સવારમાં આવશે હવે સુખેથી સુઇ જાઓ જુઓ વખત ઘણો થઇ ગયો છે એમ કહી આપણા મોહનલાલ અને ભુલાભાઇ પોતાના બીસ્તરા ઉપર સુઇ ગયા.

ધનાભાઈ પણ એક બાજુ સુતા સુતા વિચાર કરવા લાગ્યા.

હવારમાં હારૂં મમ્મઇ આવહે આપડે તો તાં રોકૂબંધજ ઉતરહું ? ચાલ હું પણ હુરતી ! એકજ દાડામાં આખા મમ્મઇને હારાને હું ધુવારવુ છે ? હારી હવાર કેમની પડતી ! હારો પરમેહર પણ ઉંઘો દેહું વેહો હવાર પાડતોની ? જો હારી અજુ પડી નઇ—

હત તારા પરમેહરની ! કંઈની હારો.

એમ લવારો કરતાં આપણા ધનાભાઇ નીંદ્રાદેવીને આધીન થયા હયો સાહેબજી હવે તો મળજો ધનાભાઇને મુંબઇમાં.

(ભાગ ૧ લો સમાપ્ત.)

ભાગ ૨ જો—પ્રકરણ ૧ લું.

પ્રભાતના પહોરમાં ગાડી ધમધમ કરતી વાંદરાના સ્ટેશન ઉપર પહોંચી એટલે મોહનલાલે ધનાપટેલને જગાડયા. જાગતાની સાથેજ ધનાપટેલ બોલી ઉઠયા "ચાલ, ચાલ, બકુ મોડું થઇ ગીયું અજુતો ભેંહડા દોવાના, બલને બાહાર કારવાના ને તેને ઘાહ લાખવાનું રાંડ તારથીતે ની થીયું કે મને ઉઠારવા આવી ! તું તો મારો જીવ લેહે તીયારે રેહે."

ધનાપટેલ હજી આંખો મીચીનેજ વાતો કર્યા કરતા હતા તેને જોઇને મોહનલાલ પોતાનું હસવું રોકી શકયા નહીં. જેમ તેમ હાસ્ય રોકી તેમણે કહયું. "અરે ! ધનાપટેલ આ તો આગગાડી છે અહીં તો પટલણે નથી ને તમારૂં મોતાએ નથી આ તો મુંબઇ આવ્યું."

ધનાપટેલ—'અરે હા યાર હું તો જાણે મોતામાં ઢોલવાપર ફુતેશો ઓઉ' એમજ અવાર વેર હમજ્યા કરતો તો હું પણ મમ્મઇ ક્યાં છે ? પાટીયાપર તો વાંદરા લખેલું દેકું મોનભાઇ હું અહીં બધા વાંદરાં રહેતા ઓહે ! ઓહે તો એમજ.

મોહનલાલ જવાબ આપે તે પહેલાં તો એક ટીકીટ એકઝામીનર ધનાપટેલવાળા ખાનામાં આવ્યો અને ટીકીટો તપાસવા લાગ્યો તેને જોઇને ધનાપટેલ બુમ મારી ઉઠયો "અરે મોનભાઇ આ મારો હહરો વાંદરો તો ગાડીમાં આયવો એ હું માગે ! તારી પેરનો વાંદરો મારૂં તારી નો" એમ કહીને ધના પટેલે એક મુક્કી ટીકીટ એકઝામીનરને મારવા ઉગામી પણ મોહનભાઇએ એકદમ તેને પકડી લીધો અને બેસાડી દેતાં નાકે આંગળી ધરી ચુપ રહેવાની ઇશારત કરી. ટીકીટ એકઝામીનરની ધનાપટેલ તરફ પીઠ હોવાથી તે કાંઇ પણ જાણી શકયો નહીં. પણ બીજા ઉતારૂઓ હસી હસીને થાકયા જરાવાર પછી ટીકીટ એકઝામીનર ધનાપટેલ પાસે આવ્યો અને ટીકીટ માંગી, "એમાં જોવાનું હું વરી ? કાંઇ મઇથી કાડી ખાઇ ગીયો ! અંગરખાની કસેથી ટીકીટ છોડીને આપતાં ધનાપટેલ પૈહા તો મેં આપેલા છે." ટીકીટ એકઝામીનરે ટીકીટ પાછી આપી એટલે ફરી ધનાપટેલ બોલ્યા હું મઇ જોઇને રાતુ કાઇડું. મારો હહરો અધીરવો.

આમતેમ ટીકીટ ફેરવીને જોતાં પંચ કરેલી ટીકીટમાં કાણું જોતાંજ ધનાપટેલ બોલી ઉઠયા કે 'જુઓ મોનભાઇ આ વાંદરો તો વરી જુદી જાતનોજ તો દેખું, જુઓની આતો મારો હહરાનો દીકરો ટીકીટમાં ડાફુ મારીને કાણું પાડીને તે ખાઇ ગીયો હું હહરો કીયારનો એજ મનછુઓ ઉઠાયવા કરૂં કે એ મારો હહરો હું કરવા આ બધાની ટીકીટ જોતો ઓહો ? તો એ વાંધના ખાધાને

આ મારગ ઊપર કાગર બધા પડેલા છે તે ખાતાં હું ગોરી વાગી. મારી હહરી વાંદરાની જાત આડી તો ખરી, પણુ મોનભાઇ આપણે ઘેર હો વાંદરા તો થાય પણુ તે તો કાગર ની ખાય ને આ કેમ ખાય ! હું પણુ આ વેલાતી વાંદરા ઓહે ! મારૂં હહરૂં વેલાતી બધું આપણા કરતાં ઉધું ચી-તુંજ પણુ મોનભાઇ એ કાં રેતો ઓહે ! એને હો વાંદરી ઓહે કે !"

મોહનભાઇ–અરે ! ધનાપટેલ હવે તમે બધી વાત પડતી મુકો તમારે ઊતરવાનુ ચર્નીરોડ સ્ટેશન આવ્યું, નકામો લવારો શું કામ કર્યા કરો છો !

એમ ગડમથલ કરતાં ચર્નીરોડનું સ્ટેશન આવ્યું. માસ્તર નરભેશામે આગળથી તાર મુકેલો હોવાથી ગોપાળ ધનાપટેલને સ્ટેશન ઉપર લેવા આવેલો હતો. દરવાજા ઉપર ટીકીટ આપી એટલામાં ગોપાળે ધનાપટેલને બુમ મારી ધનાપટેલ તો બિચારો આમતેમ બહાવરાની માફક જોયા કરતો હતો ગોપાળે એક ગાડી ભાડે કરી અને તેમાં બન્ને જણુા બેઠા. રસ્તે ચાલતાં ધનાપટેલ ભિન્ન ભિન્ન પ્રકારનાં વિચિત્ર પ્રશ્નો પૂછતા પણુ ગોપાળ તેને ગમેતેમ સમજાવતો અને આખરે ઘેર આવી પહોંચ્યા, નાહી ધોઇને જમ્યા પછી ગોપાળ ધનાપટેલને લઇને મુંબઇમા ફરવા નીકળ્યો મોટાં મોટાં મકાનો જોઇને ધનાપટેલે કહયું ગોપાળ આ બધા ઘરના પાયા હારા છે કે નહી તો એકુ હફલ્યું બફલ્યું કેની તો આપણે તો રામરોટલોજ થઇ જઇહું જો ! અને ઘેર તારી કાકી આંખમાં આંગરી ઘાલીને વાટજ જોયા કરહે જો મારૂં હહરૂં આ તો મને બોવ નવાઇજ લાગે કે આવડા મોટા પથરા અને લોઢાં ઉપર કેમ કરતાં ચઢાં ઓહે !'

એમ કરતાં કરતાં ધનાપટેલે છેક બીલ્ડીંગને મથાળે જોયું એટલે તેમની પાઘડી ગઇ ગબરર ગસ કરીને જાણે બાબા ગાડીનું એક પૈંડુ ગબડયું ધના પટેલ એકદમ ચોંકી ઉઠયા ને બુમ પાડી ઉઠયાં કે "અલ્યા ગોપારીઆ હું જોઇ રીયો મારી પાઘડી કોઇ લુંટી ગયું મારા હહરા મુરખાએ! પાઘડીમાં માલ છે જે પણ હહરા પાઘરીના ચોર મારા હારાને કહેતે તો બે ત્રણ એને આપતે ની."

ગોપાળ—"અરે કાકા નાહકના બુમ બરાડા શું કરવા પાડો છો તમારી પાઘડી તો આ શું આ નીચે પડેલી એ તો તમે ઉંચે જોયું. એટલે ગબડી ગઇ ચોરી ગયું નથી.

મકાનના પાયાની શંકાનું સમાધાન કરી ગોપાળ ધના પટેલને લઇને વિકટોરીયા ગાર્ડનમાં જવા માટે ટ્રામમાં બેઠો. ટ્રામ ઠેર ઠેર ઉભી રહેતી જોઇને ધના પટેલ બોલ્યા "મારા હહરા મમ્મઇના લોક તો ખરા! એ લોક છરકારના જેવી ગાલ્લી રાખે ને બીજા લોકની રાખે તેની પાહે વરી પૈહા લેય, હારા જ્યં જાય તાં પૈહા હાથેજ વાત ઓહે મરહે આપરે હું પન ગોપારીઆ આપણે કાં અમણાં આઇલા!

ગોપાળ—રાણીના બાગમાં.

ધના પટેલ—આપણો મોરીઓ એક દહારો કેતો હતો કે હુરતમાં રાણીનો બાગ છે ને વરી તે અહીં કાંથી આવી પયડો! તે ને આ એકજ કે બેઉ જુદા જુદા ઓહે!

ગોપાળ—સુરત ને મુંબઇના બાગ તે એક હોય? અહીંનો ને ત્યાંનો બેઉ જુદા જુદા.

ધનાપટેલ—હં અવે હું હમજો પણ એ રાણીઓ બેઉ જુદી જુદી ઓહે કેમ ખરું કેની એ કીયા રાજાની રાણી ઓહે! ઓહે હવે

જેની આહે તેની પણ ઉ એમ પુછું કે તે અકકલની ઓથમીરને આપણા મોતામાં બાગ કરાવતાં હું થીઉ તે કેઇ મરની બાઇ! તે કાં આં મમ્મઇમાંજ રેય કે? તને જો મલે કની તો જરા તે રાણીને બે વાત મારા તરફથી હારી રીતે હમજાવજે ને કેજે કે એક આપણા મોતામાં બાગ કરાવે અને એક આપણી પટલણ અરે મારી પટલણને પીયર ખોજપર પારડીમાં કરાવે પણ જો તું એમ તો કેહવાનું ભુલી જતો નખે કે મોતાવારા ધનાપટેલે આ કેવરાવ્યું છે. મારૂં નામ દેહે કે તરત તે માની જહે એમ તો રાણી બહુ ડાઇ છેતો ચાલો એ કામ નો નક્કી થીયું પછી હો થહે.

એમ વાતો કરતા કરતાં વિકટોરીયા ગાર્ડન આગળ આવીને ટ્રામ ઉભી રહી. ગોપાળ અને ધનાપટેલ ઉભય ટ્રામમાંથી ઉતરી પડયા. તે દીવસે ભોગજોગે શનિવાર હતો અને બપોરનો સમય હતો એટલે વિકટોરીયા ગાર્ડનમાં માણુસોનું પૂછવુંજ શું? એ બધાં માણુસોને જોઇને ધનાપટેલ એકદમ બોલી ઉઠયા, " અરે આ બધું મનખું અઇ કાંથી આયવું. બીજું તો બધુ જાણે હમજા પણ આ બધા મનખોને છાહોડુ કોણ પુરૂં પાડતું આહે ?

ગોપાળનું ધનાપટેલના બોલવા તરફ લક્ષ નહોતું એટલે તેણે કાંઇપણ પ્રત્યુત્તર આપ્યો નહીં આગળ ચાલતાં રાણીનાં બાગમાંનો હાથી આવ્યો તેને જોઇને વળી પાછા ધનાપટેલ બરાડી ઉઠયા કે "હું એની માને કાહું આવાં આવાં મોટાં ભેંહાડ દેકું તેમાંજ આટલાં બધાં મનખોને છાહોડું પુરૂં પડતું દેખું, પણ અલ્યા ગોપાળ આ ભેંસડાંને આંચર કાં છે?" વાંકા ચુંકા અને ઉંચા નીચા થતા ધનાપટેલે પુછયું.

ગોપાળ તો બીચારો મંત્રવત્ કાંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય ચાલ્યાજ કરતો હતો. ત્યાર પછી તેઓ આગળ ગયા. ભિન્ન ભિન્ન પ્રકારનાં હિંસક તેમજ અન્ય પ્રાણીઓ જોઇને ધનાપટેલ તો જાણે ગાંડાજ થઇ ગયા, પણ જ્યાં વાઘનું પાંજરૂં આવ્યું એટલે વળી પાછી પટેલે પોતાની વાકધારા ચલાવી. " ઓહો મારા હહરા કોલા બહુ મોટા દેખું ને ! મારા હહરા રોજ મારા ખેતરમાંથી દુધી ખાઇ જતા તે આજે મારા હહરાના દીકરાઓ ખાઓને ! મારા હહરા ચોર જેવા અવે બોલતા છે ?"

બાગમાં ફરીને બન્ને જણા સંગ્રહસ્થાનમાં આવ્યા. જોતાં જોતાં જ્યાં કારેલાં, કાંદા, લસણ, તુરીયા વિગેરે કૃત્રિમ શાકભાજી જે કબાટમાં ગોઠવેલાં હતાં ત્યાં આવ્યા એ સર્વ વસ્તુઓ જોઇને ધનાપટેલ એકદમ ખુશ થઇ ગયા ને બોલી ઉઠયા, " ગોપાળ, આ હાકભાજી બો હારાં દેખું ને ! એને વરી આ કાચના ઘરમાં હું કરવા મુકેલાં ઓહે નીતો એકાદ કાકડી કે ચીભડું ચાખી જોતે તો ખબરો પડને કે કાકડી કડવી છે કે મીઠી ?"

ગોપાળ હવે ધનાપટેલથી ત્રાસી ગયો હતો એટલે બાગમાં વધુ વખત ન રોકાતાં ધનાપટેલને લઇને ઘેર આવ્યો.

સાંજના વાળુ કર્યા પછી તેઓ ચોપાટી તરફ ફરવા ગયા કવીન્સરોડ ઉપર દોડતી મોટરકારો જોઇને પાછા ધનાપટેલ ગોપાળને પ્રશ્ન પૂછવા લાગ્યા. "અરે અહીં તો બો મુતરગાડી દોડતી દેખું ને એ મારૂં હહરૂં કેમ વગર બલીયે ચાલતું ઓહે ! પેલી ગાડી તો જાણે ભુંગરામાંથી ધુમાડા કાઢે તેના જોરથીઓ ચાલે પણ આને તો ની ભુંગરૂં ને ની કાંઇ તેએ મારૂં હહરૂં ભોં ભોં કરતું જાય નાહું ને

વરી આં દીઠું ને પણ ની, આં દીઠું ને પણ ની ! અલ્યા ગોપારીઆ પણ એ મુતરગારીમાં કોણ લોક બેહેલા છે. તે તો જરા કહે વરી મહીં તો મારી હહરી પટલણો સૌ મોટી મોટી માથે ટોપલી ઘાલીને બેઠેલી દેખુંને એ પટલણો કોની ઓહે ? આપણા મોતામાંને ખોજપર પારડીમાં તો એના જેવી એકુ પટલણુ ની મળે ને તે એ મારી હહરાવારી કાંથી આવી ઓહે ! રોજ પેલો હાપ્પુ ચોરીને નાતી ઓહે તેમાંજ હારી ગોરી પુણી જેવી થયેલી દેખું. તું હો તારી પટલણુ કાહી હારૂં એક હાપ્પુનો મોટો ગોરો મને લઇ આપજે.

થોડીકવાર આમતેમ જોયા પછી કવીન્સરોડની જમીન જોઇને વળી પાછું ધનાપટેલે ભાષણ ચલાવ્યું “પણ અલ્યા ગોપાર આપણે ઘેર આપણે ખરી કરીએ તે તો ગાર ને આ તો બાળીને લાંબી ખરી તે એમાં જુવાર, ભાત, તે બીજાનો પાર કેમ કરતાં ફેરવતાં ઓહે ! મારા હહરા મુમ્બઇના લોક છેક ગાંડાજ દેખું છું પણ વખતે એમ કરતા ઓહે જેની જુવાર કાઢવાની હોય તે કહણાં લાવીને લાખી જતા ઓહે તે આ મુતરગારી ઉપરથી ફરી જાય એટલે જુવાર નીકળી જતી ઓહે ને પછી ભરી લઇ જતા ઓહે પણ અલ્યા ગોપાર તું તો કાંઇ બોલતોજ નથી. પણ જોની આપણે કેટલું ફયરા પણ એકુ ખેતર કે કીયારડો મેં કોઇ જગોએ જોયોજ ની તીયારે એ મારા હહરા ખાતા હું ઓહે ?

એમ વાતના તડાકા હાંકતાં હાંકતાં તેઓ છેક ચોપાટીના સમુદ્ર કીનારે આવી પહોંચ્યા. સમુદ્રને જોતાંજ ધનાપટેલે પ્રશ્ન પુછયો. “અધધધધ આ કીયારી કોની ઓહે ઓહોહોહો આવડી મોટી કીયારી દેહું તીયારે હાણે મુમ્બઇના લોકો ભુખે મરે ધાડે.”

ગોપાળ—"તમે આવો આ બાસ્ટી ઉપર બેસો પછી હું બધી વાત તમને કહું. એમ કહીને બન્ને જણા બાગમાં આવીને એક બાસ્ટી ઉપર બેઠા એટલામાં એક લોકલ ટ્રેઇનને ઉંધું એન્જીન લઇને જતું હતું તેને જોઇને સમુદ્રનો પ્રશ્ન બાજુએ મુકી વળી ધનાપટેલે નવોજ પ્રશ્ન ગોપાળને પૂછયો "અલ્યા ગોપારીઆ આ વરી મારા હહરાવારી કેવી જાતની ગાડી ઓહે ? હું બેહીને આવેલો તેને તો અગાડી ઢુંગરૂં હતુ ને આને તો વરી પછાડી દેખુ" ગાડીની દોડાદોડ જોઇને જરા થોભીને પાછા પટેલ બોલ્યા. "આરા હહરાએ બૈરાને માટીડા રોજ કાં જતા ને આવતા ઓહે ? ને એ હહરાની છારૂ રોજને રોજ બાથું કોણ કર્યા કરતું ઓહે ?"

થોડીવાર ત્યાં બેસીને તેઓ ઘર તરફ રવાના થયાં આ વખતે દીવાબત્તીનો સમય હતો. હજારો વીજળીના દીપકને ભિન્ન ભિન્ન આકારમાં બળતા જોઇને ધનાપટેલ બોલ્યા. "આ મારા હહરાં લખ-લખીયાં બધા હાનાં ?"

ગોપાળ—અરે એ તો વીજળીના દીવા છે.

ધનાપટેલ—તે એ બધા કોણ હલગાવતું ઓહે ? ને કાંથી હલગાવે ઓને ? એ હલગાવનારાને હહરાને દીવાહરીઓ કેટલી જોઇતી ઓહે.

ગોપાળ—અરે એ તો વિજળીના દીવાને મ્યુનિસિપાલિટી તરફથી બળે ને એતો ચાંપથી સળગે એને દીવાસળી નહીં જોઇએ.

ધનાપટેલ—ઓતારી આ તો મારૂં હહરૂં ખરૂં. મમ્મઇની મંછી પાલીમાં વજલીના દીવા **ચાંપલી** હલગાવે ને મારી હહરી ચાંપલી એવી ઓસીયાર કે વગર ચકમક ને વગર દેવતા ને વગર દીવાહરીએ વજલીના દીવા હલગાવી લખલખાટ કરે વારૂ પણ ગોપાળ એ મંછી, **પાલી**

વજલી ને ચાંપલી આપણા મોતામાં આવીને ની રેય ? આપણે ખાવાનું લુત્રડા ઘર બન્ધુ આપહું. એ જાતની કોણ છે. હુ તો એમજ ધારતો છેમ કે પટલણ વગર બીજી જાતની આયરીઓની ઓહે ગોપાળ તું એ બધીયેને પુછી જોજે એતો ખાહછી ચાલી ચાલી આવહે આયવા વગર રેય એવી તો એ નથી એનો લખલખાટ જણાતો છે તો.

ગોપાળ—ચાલો કાકા ચાલો એમ બબડ બબડ કર્યા કરશો ને આમ તેમ જોયા કરશો તો કંઇ ગાડી ઘોડાથી છુંદાઇ જશો.

ધનાપટેલ ઝપાટાબંધ ગોપાળ સાથે ચાલવા લાગ્યા પણ અચાનક એક દુકાન આગળ ઉભા રહીને બુમ મારવા લાગ્યા. "ગોપાર એ ગોપાર આ જોતો ખરો આ દુકાનની બારહાકે એક કાગળ ચીતરીને ચોંટારેલું છે તેમાં હું લખેલું છે ? બીજુ જાણે હજ્જયા પણ આ છેક છેડે લાંબી ટેડ લખેલું છે તે હું ભાઇ ! હું તો એમ માનતો છેઉં કે એ દુકાન ખુબ લાંબી ટેડી ઓહે ને વરી પાછું એવું કે એના જેવી લાંબી ટેડી દુકાન આખાં મુમ્મઇમાં કેથે ઓહેની હે પણ ગોપારીઆ એ દુકાન કેટલીક લાંબી ઓહે ? ઓહે બેઓ ચારો વીઘાં એટલી તો ઓહેજ ની તો હું એની માઓ હુંઠ ખાધી કે આંવું લાંબી ટેડ લખે. ઓહે જેમનું ઓહે તેનું મરહે આપણે તેમાં હું

ગોપાળ—હવે ચાલો તમે કાકા એતો અંગ્રેજી શબ્દ ગુજરાતીમાં લખેલો છે એને " લીમીટેડ કંપની કહેવામાં આવે છે તમે એમાં ન સમજો. ચાલો હવે આપણે ટ્રામમાં બેસી જઇએ નહી તો નાટકનો વખત થઇ જશે તો પછી ટીકીટ મળશે નહીં.

પ્રકરણ ૨ જું.

બન્ને જણાં ત્રામમાં બેસી ગ્રાંટરોડ આવી ગોઈથીએટરમાં નાટક જોવા બેઠા. ત્યાં પણ વિજળીના દીપકો જોઇને પાછા ધનાપટેલ મુંબઇની મંછી પાલી વજલી ને ચાંપલીના વિચારમાં લીન થઇ ગયા પણ એટલામાં પ્રથમ પડદો ઊઘડવાથી અને બંદુકના જેરો અવાજ થવાથી એકદમ ધનાપટેલ પોતાની જગાએથી ઉભા થઇ ગયા અને ગભરાયલા બોલી ઉઠયા કે, "અયલા ગોપારીઆ મારા હહરા કોઇ છીકારી આયવા કે હું ? હહરો જોયા સુયકા વગર બંદુક ફુંડુક ફોડહે તો મારા હહરાનો દીકરો વગાડી પાડહે જો. પણ એ હહરા આંખના ફુટેલાને હુજતું ઓહે કે ની કે આટલું બધું મનખું અહીં બેઠેલું છે તે ! ને અહીં એકુ હરણું તો કયે દેખાતું નથી ને એ હું કરવા વગર કામના બંદુક ફેડતા ઓહે.

ગોપાળે પોતાના કાકાને જેમ તેમ સમજાવીને તેની જગાએ બેસાડયા અને બેચાર મીનીટ પછી ધનાપટેલને બગાસુ આવવાથી તેની નજર ઉંચે વિજળીના બળથી ફરતા પખા તરફ ગઇ એટલે વળી પાછા પટેલ તડુકયા. "અરે ગોપાર આ હું મારૂં હહરૂં તરવાયા જેવું ઉપર ફયરા કરે. એને કોણ ફેરયવા કરતું ઓહે ?

ગોપાળ—અરે એતો પંખા છે, એ પણ વીજળીથીજ ફર્યા કરે ! જુઓને કેવો સરસ પવન આવે છે !

ધનાપટેલ—ઓત્તારી ! પણ એનું બુંગરૂં તો પાતરૂં લાકડી હરખું છે ને એ એટલો બધો વા હામાં ભરી રાખતું ઓહે ! જેની જાણે આપણે કીયારડીની પાસે બેઠા ઓઇએને જેવો વા આવે તેવોજ મારો હહરો આ આવ્યા કરેને મારી હહરી વજલી તો બાઇ ખરી ! દીવાતો જાણે બનાવે તો બનાવે પણ વા હો બાપે !

વળી પાછા જેમ તેમ ગોપાળે ધનાપટેલને ચુપ રાખ્યા પણ એ શાના ચુપ બેસે ? નાટકમાં થોડીવારમાં એક શહેરનો સીન ફેરવાઇને એકદમ જંગલનો થઇ જતાંજ ધનાપટેલ બરાડી ઉઠયા “મારૂં હહરૂં આ તો વરી બધાને તરપી જાય એવું દેખું. મારા હહરા જરા વારમાં મોટાં મોટાં ઝાડ ઉધાડે તેને વરી પાનરાં લાવે વરી ફુલ લાવે ! અલ્યા ગોપાર એ બધું હાણે કરીને એ લોકો કરતા ઓહે ? એને પૂછીને તું જરા ખબર લાવ આપણે હો એક આના જેવી મોતામાં વાડી બનાવીએ એમ ચાંપલીની ચકલી ફેરવી કે મોટાં મોટાં ઝાડ થઇ જાય તો તો આપણી પટલણ તો હબકી જહે હબકી ! મારી હહરી ગંડોર જેવી મને મુમ્બઇ આવવાને ના કેતી હતી પણ અહીં ભલું ભલું જોવાનું ને હમજવાનું તે તે હું જાણે તેને હું ખબર કે પાંચ વાહે હો થાય !

હજુ બીજું પટેલ આગળ બોલવા જતા હતા એટલામાં જંગલનો સીન ફેરવાઇને એક મોટો મહેલ ને બગીચો આવી પહોંચ્યા અને તેમાં એક પ્રેમી જોડું શ્રૃંગારપુર્ણ ચેષ્ટા કરતું જોઇને ધના પટેલે આગળ ચલાવ્યું. “આ મારો હહરો પેલો નછરમો એ હું કરે ને રાંડ પેલી એની બૈરી કે કોણ છે તેહો રાંડ એની જેવી છેક લાજ વગરની છે કે હું. એ હહરાંના દીકરાંઓને આ બધાં મનખાંમાં કાંઇ લાજ હરમ લાગતી ઓહે કે નેવલે મુકી દીધેલી છે ? તો એ હહરાંને ઘરમાં જઇને ફાવે તેમ કરતાં હું ધોકો વાગે !

હજુ પટેલ આગળ બોલવા જતાં હતા તેટલામાં પાછળથી ધપ્પો માર્યો. પટેલ એક દમ ચુપ થઇ ગયાં, ને કાંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય થોડીવાર છાનામાના બેસી રહ્યા. પણ લોકોએ જ્યારે એક ગાયન વખતે વન્સમોરના પોકારો કર્યા ત્યારે એકદમ ચોંકી ઉઠયા ને

ચુમ પાડીને કહેવા લાગ્યા "ગોપાર, ગોપાર મોર કાં છે ? મ્હારા માથા પર આવીને તો નથી બેઠો ?"

ગોપાર—મોર બોર કાંઇ નથી. તમે છાનામાના બેસી રહો.

ધનાપટેલ—અરે હું છાનામાના બેસી રે. આ બધા લોકો તારીઓ પાડીને જેની મોરને ઉરાડી રીયા છે તે મારા હહરા મુમ્મઇના લોકો છેકજ ગાડાં દેખું. મોર અહીં મારાથી તો દેખાતો નથી પણ વખતે હોય તો હું થાયું તે કાંઇ ખાઇ જવાનો છે ! અહી હું જુવારનું ખેતર છે કે તેનાં કહણ્યાં ફોલી ખાઇ જવાનો હતો !"

એ બોલતાં બોલતાં ધનાપટેલની દ્રષ્ટી પડદાની વીંગ ઉપર ગઇ તેના ઉપર એક મોર ચીતરેલો હતો તેને જોતાંજ પાછા પટેલ 'તડુકયા 'જો ઓ પેલો મોર' બીજી વીંગ તરફ નજર જતાં 'ઓ મારા હહરા બે દેખું !' એમ કહીને પાછું પટેલે પોતાનું સંભાષણ આગળ ચલાવતાં કહ્યું "અલ્યા ગોપાર જો અવે મારા હહરા એ બેઉ મોર લડહે ને હહરા લડતા લડતા ઉઠીને આપણી ઉપર આવી પડશે તો મારા હહરાયે આપણી આંખો ફોડી લાખહે જો."

ગોપાળ—હવે તમે છાનામાના બેસી રહો નહીં તો હમણાં સિપાઇ આવીને બહાર કાઢી મુકશે ને માર મારશે તે જુદો. જેમ તેમ કરીને થોડી વાર પટેલ ચુપ રહ્યા પણ નાટકમાં બે રાજાઓ વચ્ચેની લડાઇનો દેખાવ આવ્યો એટલે પાછા પટેલ ગરજ્યા. અલ્યા ગોપારીઆ તું તો મારા હહરા મરાવી લાખે એવો દેખું. આ મારા હહરા જોને પાતરાં પાતરાં ધારીઓં લઇને આથડયા તે એકુનું હી-તુ ની કરી લાખવાના ને એમાથી જો એકુ ધારીયું હફ્લ્યું તો આપણા હો હાથે હાથે બાર ની વાગવાના આ જો આ પેલો એક તો લાંબો થઇને પડયો અરે દોડો દોડો એને પકડો નીતો હીપાઇઓ આવીને આપણુને પણ લેવડાવહે.

ભાગ ત્રીજો–પ્રકરણ પહેલું.

"શું છે ? શું છે એમ કરતાં પ્રેક્ષકો બધા એકદમ ઉભા થઇ ગયા અને થીયેટરમાં મોટો ઘોંઘાટ થઇ રહયો પણ એટલામાં એક પારસી ડોરકીપર ધનાપટેલની વાતો શરુઆતથી સાંભળયા કરતો હતો તે આવી પહોંચ્યો અને એકદમ લોકોને વીખેરીને ધનાપટેલના પાઘડીના ડુચ્ચાપર ધપ્પો મારીને બોલ્યો, 'સાલા મુંગો નથી મરાતુ કે ? સાલો શું બકબક કરીયા કરેચ સાલા ગામરાના માનસને કાંઇબી વાતની અક્કલ નહીં ને હેવાન જેવો વચમાં કાગડાની માફક કટકટ કરીઆ કરેચ કોણ તારો બાપ મરી ગીયોચ. સાલો ગામરીઓ ગમાર અક્કલનો ઓથમીરજ દેખાયચ. ચાલ હવે મુંગો મુંગો બેસી રહેજે નહીં તો હાથ પકરીને બહાર કાસ. સમજ્યો, કોણ છે તું જાતનો ?"

ધનાપટેલ–તારે શું કામ છે પટેલ છેઉં કેમ ! મારે હાનાં ? હું તારા બાપનું કાંઇ લેઇ ખાધેલું છે ! હહરા જાણતો ઓહે પણ એકી ઠીક બેહામણુ પાડા જો જા અવે હમણા તો જતો કરું પણ તુ હહરા કોઇ દહાડા .મોતે આવજે તો તારી વાત જો જે તીવારે તો એક મારે ને બે ની પડે તો !"

ગોપાળે પેલા ડોરકીપરને જેમતેમ સમજાવી પટાવીને વિદાય કર્યો અને ધનાપટેલને સખત સુચના આપી મામલો મહામહેનતે શાંત કર્યો.

જેમતેમ કરીને નાટક સંપૂર્ણ થયો, અને ગોપાળ અને ધના-પટેલ થીએટરમાંથી બહાર નીકળ્યા. બહાર નીકળ્યા પછી ગોપાળ અને ધના પટેલ બન્ને ગોખલેની હોટલમાં ગયા, એક ઓરડામાં ગયા અને ઓરડામાં સંગેમરમરનાં એક ટેબલની આજુબાજુ ત્રણ કુરશીઓ પડેલી હતી. અને ટેબલ ઉપર વચ્ચોવચ્ચ એક ઝાડનું કુંડું ગોઠવેલું

હતું, બે કુરથી ઉપર બેઉ જણ્ણા બેઠા ઝાડના કુંડાને જોઇને ધનાપટેલે પોતાનો અકકલનો ભંડાર ખાલી કરવા માંડયો, આ હાનુ વટાણાનું ઝાડ છે ગોપાર, ની આતો વટાણાનું ની હઉરૂ વાલ જેવું જણાતું છે. પણ વાલનું હોય તો પાપડી હોય કની. અંહ વાલનું હાનું આતો ચણાનું ઝાડ છે. ચણાનું હં મારૂં હઉરૂં વેશાતી ચણાનુ ઝાડ એટલે કેમ કરતાં આપણે તે એકદમ ઓરખીએ આપણે હો આવાં થોડાક કુંડા આપણે મોતે લઇ જઇહું ને તેમાં વાલ, ચણા, વટાણા તુરીયાં, ગલકાં, ભીડાં, એવાં બદ્ધા હાક ભાજી રોપી મેલહું એટલે પટલાણુને હાક ખેતરે લેવા તો ની જવું પડે ને વરી જયારે મન થાય તીયારે હાક કરીને ખાવાનું અલ્યા ગોપારીઆ, તું હઉરો છેક ભોટજ દેખું. આવું આવુ બધુ દેખું ને આટલા દહાડા હુધી મને કેયું તો ની, તારામા મારાં જેટલીએ અકકલ ની મરે તો ?"

હજુ આગળ ધનાપટેલ બોલવા જતા હતા પણ એટલામાં હોટલમાનો એક છોકરો તેની પાસે આવ્યો અને બોલ્યો, "કાય શેઠ કાય પાઇજે ?

ધનાપટેલ તો ડાચું ફાડીને તેની સામેજ જોઇ રહયા. એટલે છોકરાએ કહ્યું "કાય વેડયા આહે કાય ?"

'વેડયા' શબ્દ સાંભળતાંજ ધનાપટેલની લુલીબાઇ પંજાબ મેલની ઝડપે ઉપડી. "અરે ઓ ઉલ્લુના છરદાર અમણાં તો કોઇ આંબા વેડવુ ઓહે આંબાપર કેરી આવે, તે ગરે ને તેનાં હાખીઆં એહાં પડે તીયારે વેડ કની ! છું મકમઇમાં આમણાં આંબાએ કેરીઓ આવે કે ? જો આમણાં આંબાએ કેરીઓ આવતી હોય તો મને બો હારી વેડતા આવડતી છે. બોલની તો જે કહેવાનો ઓય તે બધી મરની તો ! હું તને વેડી આપા !"

છોકરો તરતજનો હોટલમાં રાખેલો હોવાથી બરાબર ગુજરાતી સમજતો નહોતો તેથી તે કાંઇપણ સમજી શક્યો નહીં, અને પોતાનું બોલવું શેઠ સમજતા નથી એમ જાણીને તે વળી કાંઇક બોલવા જતો હતો એટલામાં ગોપાળે કહ્યું "દોન કપ કોફી આન."

છોકરો તુરત ત્યાંથી ચાલ્યો ગયો અને બે કપ કોફીના લાવી ટેબલપર મુક્યાં કોફી પી રહ્યા બાદ ગોપાળે બે પ્લેટ આઇસક્રીમની મંગાવી, તેમાંની ચમચી તથા આઇસક્રીમનો રંગ ગુલાબી જોઇને ધનાપટેલની પ્રશ્નમાળા પુનઃ શરૂ થઇ અયલા ગોપાર! આ શું ? આ તો કાંઇ ગોળ છે કે શુ ? મારો હહરો તું તો વટલો પણ હાથે મને હો વટલાવહે કે શું ?"

ગોપાળ તમે છાનામાના આ ચમચી વડે ખાઓ, એ તો દુધનું બને છે એમાં બીજું કાંઇ આવતું નથી. એમાં વટલવા જેવું કાંઇ નથી. આપણે વટલીએ એવી ચીજ આ હોટલમાં મળતીજ નથી.

"તીયારે હારૂ. બાઇ" એમ કહીને એક ચમચી આખી ભરીને ધનાપટેલે આઇસક્રીમ પોતાના મોંમા મુક્યું આઇસક્રીમની આખી ચમચી મ્હોંમા મુકતાંની સાથેજ પટેલ એકદમ બરાડી ઉઠયા એ બાપ દાઝયોરે ? તારી પોરનું આઇછકી મારૂં મારૂ હહરૂં ગરામાં ચોંટી રીયું ને ?

ધનાપટેલનો બરાડો સાંભળીને ગોપાળ તો આભોજ થઇ ગયો. અને વળી તેનો બરાડો સાંભળીને હોટલના બેચાર નોકરો "કાય ઝાલા શેઠ કાય આહે ?" એવો પ્રશ્ન પૂછતા ધનાપટેલની આસપાસ ફરી વળ્યા.

ગોપાળે સર્વને યથોચિત્ત ઉત્તર આપ્યો અને જેમ બને તેમ વિદાય કર્યા. ત્યાર પછી ધનાપટેલને કહ્યું. "કાકા થોડું થોડું ખાઓને સામટું ખાઓ ત એવું થાયરતો.'

ધનાપટેલ—અરે હું તારા બાપનું કપાર એવું થાય! એવું ઉતું તો પેહલેથી તારે કેવું ઉતું કની, તું઼ આ મારો હહરો મારા રાહ-તામાંજ ફરતો છે કે હું.

જેમ તેમ કરીને આઇસક્રીમ પુરૂં કર્યું એટલામાં હોટલનો નોકર બીલની ચીઠ્ઠી ધનાપટેલની પાસે મુકી ગયો તેને આમતેમ ફેરવીને જોયા પછી ધનાપટેલે ગોપારને પુછ્યું. "અલ્યા લરી આ ફાતરૂ હાનું? મારા હહરા જાં જાય તાં કાગર હાથેજ વાત તો બોલતા હું એના મ્હોં દુઃખી જતાં ઓહે? આપણે જુવારનું ખેતર હાચવવા જઇએ ત્યારે હવારથી હાંજ સુધી બુમ મારીઆ કરીએ ને આ મોટા મોટા ગોધા જેવાને અમ્થું જરાક બોલવું પડે તેમાં ગોદો વાગી જાય. ખાઇને છે કેવા હીહમના ટોલ્લા જેવા, લે ચાલ અવે તું ચાલ મને ઉંઘ આવતી છે."

બન્ને જણા ઘેર આવીને સુવાની તૈયારી કરવા લાગ્યા ગોપાળે એક ઓરડીમાં પથારી કરી અને તે પર સુવા ધનાપટેલને કહ્યું, એટલે ધનાપટેલે પુછ્યું, "કેમ ઢોલીઓ નથી? એઠે કેમ કરતા હુવાહે? મારાં તો આડકાં તપહે. ને આ છોઅંધની બધી ભોંય એટલે હવારે તો હું હાંધે હાંધે રહ જવા."

ગોપાળ-કાકા, તમે સુઇ જાઓ તમને કાંઇ ની થાય. અહીં તો બધા લોકો ભોંયપરજ સુવે છે.

ધનાપટેલ—ભોંયપર હુવે છે તો શું મુમ્બઇમાં હુથાર નથી? ઓહે તો ખરા, તો તે હહરાઓને ઢોલીઆ કરતાં હુ ધોકો વાગતો ઓહે!"

એવા લવારા કરતાં આખરે ધનાપટેલ નિન્દ્રાવશ થયા.

પ્રકરણ ૨ જું.

પ્રભાત થતાંની સાથેજ ધનાપટેલ પથારીમાંજ પડયા પડયા બોલી ઉઠયા, અયલા છીતલા ચાલ તું બેહડાંને (કડબના પુળા) કાપી લાખ હું બલીયાને કાપી લાખું. ને એક આંબાનું પાતરૂં લાવ એટલે હું બીરી વારી લેઊ હજુ આગળ ધનાપટેલ બોલવા જતા હતા પણ એટલામાં ગોપાળે કાકાને બુમ મારવાથી એકદમ તે પથારીમાં બેઠા થઇ ગયા અને ગભરાયલા આમ તેમ જોવા મંડી ગયા, અને થોડીવારે બોલ્યા "અરે ! આ તો મારૂં હહરૂં મુમ્મઈ દેખું છું તો જાણું, જે હું તો મોતામાં ઢોલીઆ ઉપર સુઇ રહેલો છું. ચાહ પાણી થયા બાદ ગોપાળે કહ્યું "કાકા, આજ તો આપણે લોજમાં જમવા જવાનું છે કારણ કે ઘરમાં અડચણ છે એટલે રસોઇ બનાવે એવું કોઇ નથી. માટે તમે થોડી વાર અહી બેસો હું જરા બહાર જઇ આવું ને પછી આપણે જઇએ.

એમ કહીને ગોપાળ કાંઇ કામસર બહાર ગયો અને ધનાપટેલ ઓરડીમાં એકલા રહ્યા. ગોપાળની વહુ બીજી ઓરડીમાં કાંઇ કામમાં હતી એટલે ધનાપટેલ ઓરડીમાંથી ઉઠી બહાર ચાલીમાં આવ્યા માથાપર મોટી ચોટલી અને તે છએક માસ પર ઓળેલી હશે. મોંમાં એક મોટો બીડીનો ટોટો અને જાણે હરણાંના ટોળામાંથી એકાદ હરણું છુટું પડી જાય ને જેવી રીતે જુએ તેવી રીતે આમતેમ ગભરાયલા ધનાપટેલ જોતા હતા. એટલામાં માળાનો ભૈયો ઉપર આવ્યો અને ધનાપટેલને જોતાંજ તેને પુછવા લાગ્યો. "તુમ કૌન હે ? યહાં કહાંસે આયા ? ઔર કીસ કામકે લીયે આયા હે ?"

ધનાપટેલે જાણ્યું આ કોઇ ગાંડો છે કે શું ? એટલે તેમણે કોઇ પણ પ્રકારનો પ્રત્યુત્તર આપ્યો નહીં.

ભઇયાએ જાણ્યું કે કોઇ મવાલી છે કે શું તેથી તેણે પુનઃ પુછ્યું "કયું બોલતા કયું નહીં ? ઇધર કીસકે વહાં આયા હે ? કોઇ તુમારા સંબંધી ઇધર રહતા હે ?"

ધનાપટેલ તો જાણે બહેરા હોય તેની માફક કાંઇ સાંભળ્યું નથી એવો દેખાવ કરી મ્હોંમાં એક બાજુ બીડીનો ટોટો રાખીને ધીરે ધીરે મ્હોંડાની બીજી બાજુથી ધુમાડો કાઢવા લાગ્યા.

ધનાપટેલનું આવું વર્તન જોઇને ભઇયો એકદમ ગુસ્સે થયો. અને બોલી ઉઠયો "બદમાસ બોલતા હે કી નહીં !" અને પોતાના હાથમાંની ડાંગ ઉંચી કરી. ડાંગ ઉંચી થતાની સાથેજ ધનાપટેલે ત્યાંથી દોટ મુકી અને બે ત્રણ ઓરડી આગળ જઇને એક ઓરડીનું બારણું અમથું બંધ કરેલું હતું તેને ઉઘાડી અંદર પેસી જઇ અંદરની સાંકળ વાસી દીધી.

એ ઓરડીની અંદર સુરતનું એક વણીક જોડું રહેતું હતું. પુરૂષ બહાર ગયેલો હતો અને ઘરમાં સ્ત્રી કાંઇ કામમાં રોકાયલી હતી. ધનાપટેલે સાંકળ વાસી એટલે તે સુંદરી એકદમ બુમ મારી ઉઠી "ઓ બાપ દોડોરે ચોર ! ચોર ! !"

ચાલીમાંના ઘણા સ્ત્રી પુરૂષો એકત્ર થઇ ગયાં. પણ અંદરથી દ્વાર બંધ હોવાથી આ શી બાબત છે તે કોઇના લક્ષમાં આવ્યું નહીં ધનાપટેલ તો ઓરડીના એક ખુણામાં ઉભા ઉભા થર થર ધ્રુજતા હતા. ધનાપટેલને ધ્રુજતો અને સંતાતો જોઇને સુંદરીને કાંઇક હિમ્મત આવી અને હૃદયમાં જેટલી હિમ્મત અને શરીરમાં જેટલી શક્તિ હતી તે સર્વ એકત્ર કરી તેણે ઓરડીની સાંકળ ઉઘાડી અને એકદમ બહાર નીકળી આવી. ઓરડીનું બારણું ઉઘડતાંજ

લોકોનું ટોળું તે ઓરડીમાં ઘુસી ગયું અને ધનાપટેલનો હાથ પકડી તેને બહાર ઘસડી આણ્યો. ગોપાળની વહુ આ દૃશ્ય એક બાજુ ઉભી ઉભી જોઇ રહી હતી. પોતાના કાકાસસરાને જોતાજ તે એકદમ સુંદરી પાસે ગઇ અને તેને સમજાવવા લાગી. એટલામાં ગોપાળ બહારથી આવી પહોંચ્યો. લોકોને એકઠા થયેલા જોઇને તથા તેઓની વચ્ચે પોતાના કાકાને ઉભેલો જોઇને તેણે વિચાર કર્યો કે કાકાએ જરૂર કાંઇ કાચું કાપેલું હોવું જોઇએ.

તે એકદમ ત્યાં આવ્યો અને લોકોને સર્વ હકીકત પુછવા લાગ્યો. એટલે ભઇયાએ આગળ આવીને સર્વ હકીકત કહી, ગોપાળે ભઇયાને ધનોપટેલ પોતાનો માણસ હોવાની તથા એ અર્ધો ગાંડો હોવાની ખાત્રી આપી લોકોના હાથમાંથી તેને છોડાવ્યો.

ગોપાળે વળી પાછી જોઇતી સુચનાઓ આપી અને પોતાની સાથે જમવા આવવા પોતાના કાકાને જણાવ્યું. અને બન્ને જણાં કપડાં પહેરી લોજમાં જમવા ગયા. એક મોટા ઓરડામાં હારબંધ પાટલાઓ ગોઠવેલા હતા તેમાના બે પાટલા ઉપર જઇને કાકા ભત્રીજો બેઉ જણા બેઠા એટલે પીરસેલી થાળી લાવીને એક છોકરો મુકી ગયો.

દાળ, ભાત, રોટલી, બે ત્રણ શાક, અથાણું, રાયતુ, કચુમર વિગેરે જોઇને ધનાપટેલ બોલી ઉઠયા આ બધું એકકે ફેર હામટું કેમ કરીને ખવાવાનુ ?

ગોપાળ—હવે ચુપચુપ ખાયા કરો. વધારે બોલશો તો ભુખ્યા ને ભૂખ્યા અહીંથી કાઢી મુકશે.

ધનાપટેલ—ચાલ ભાઇ હારૂ, અલ્યા ડખુ લાવ 'લાવ' શબ્દ સંભતાંજ ભાતવાળો છોકરો ધનાપટેલ પાસે આવીને કહેવા લાગ્યો "કેમ કાકા શું જોઇએ છે ?"

ધનાપટેલ–હારા પુયછા હું કરે, ડખુ મેલની મેળતો હોય તો ? હું જોયે હું જોયે હાનો કર્યા કરે ?

ગોપાળ–અરે ભાઇ તું જાને દાળવાળાને મોકલ, એને તો દાળ જોઇએ છે.

ભાતવાળો છોકરો ચાલ્યો ગયો અને દાળવાળો આવ્યો તેણે પૂછ્યું કેમ કાકા શું જોઇએ છે ?

ધનાપટેલ–તારી પાસે છે હું જે ? તેની પેલો વાત કરની.

છોકરો–મારી પાસે તો દાળ છે.

ધનાપટેલ–તો હહરા દારને હું ચુલામાં લાખું, કઢી વગર દાર કેમ કરતાં ખાય. મારે તો ડખુ જોયતું છે. હું મને તું ગામડેનો જાણી છેતરવા આયવો, તો હહરા દાર કરીતો હાથે કઢીહો કરવી હતીને ? કઢી વગર દાર હામાં ખાય તે તું જ કેની ?

ગોપાળે વળી પાછા જેમ તેમ પોતાના કાકાને સમજાવ્યા અને આલ્જુ ગઢેરામાં નાખ્યું ધનાપટેલે ખા...સી બે એક ડઝન રોટલીનો ખાણુ વાળયો, અને પાંચ સાત છાલીયાં દાળને પોતાના હદરમાં પધરાવી ભોજનની પરિસમાપ્તિ કરી નાંખી અને ઘેર આવ્યા.

ઘેર આવ્યા પછી ધનાપટેલને એકદમ મોતે પોતાના ભાઈ ઉપર કાગળ લખવાનું સાંભરી આવ્યું એટલે ગોપાળ પાસે એક પોસ્ટ કાર્ડ લઇને અડધે કલાકે કાગળ લખી કાઢયો અને ગોપાળને કહ્યું ' હવે આ કાગળ લખવાનોને ?

ગોપાળ–લાવો આપણે સાંજે ફરવા જઇશું ત્યારે પેટીમાં નાખી દઇશું.

ધનાપટેલ–નારે ભાઇ તમે ભણેલા માણહ ભુલી જાઓ ને કાગર ગજવામાંને ગજવામાં રઇ જાય તો આપણી પટલાણુ–અરે મારી પટલાણુ બચારી અરધી થઇ જાય તારે હું એ ! તારે તો ખીંટીએ પોતીયાં.

ગોપાળ-ત્યારે જુઓ આ પેલી સામી પોસ્ટ ઓફિસ છે તો ભીંતમાં પેટી બેસાડેલી છે તેમાં નાંખી આવજો ને કોઇ જગ્યાએ રોકાતા નહીં, નહી તો વળી તમે કાંઇ નવી ઉપાધીમાં આવી પડશો.

ધનાપટેલ-અરે નારે એમ કાંઇ છેક હું કાચોખાચો છેમ હું જે પંચાતીમાં આવી પડુ ? તારા કરતાં તો મેં દહ દીવારી વધારે જોયલી. આ પેલે દહાડે તો તું મારી અગાડી નાગો નાગો ફરતો હતો ને આજે મને હીખામણ આલવા નીકરીયો.

ગોપાળ-હ્યો ઠીક ત્યારે હવે તમારે કાગળ નાંખવા જવું હોય તો જાઓ. ને આ એક પાકીટ છે તેના ઉપર એક આનાની ટીકીટ લઇને ચોઢજો, ને એને પણ સાથે સાથે પેટીમાં નાંખતા આવજો.

"આ ચાવલો" એમ કહીને ધનાપટેલ પોષ્ટઓફીસની એક બારી આગળ જઇને ઉભા રહ્યા. અને એક પારસી કલાર્ક હતો તેને પુછવા લાગ્યા. 'છાહેબ આ કાગર ભીતમાની પેટીમાં લાખું કે ?"

કલાર્ક-હા, નાંખો.

ધનાપટેલ-વારૂ આ કાગર મોતે કેદાડે પોચહે ?

કલાર્ક-'મોતે' કાં આવવું.

ધનાપટેલ-બારડોલીની પાહે.

કલાર્ક-કાલે સહવારે પહોંચી જશે. ઉપર પૈસાની ટીકીટ બીકીટ ચોરી છે કે, અમથો ઉધમાંથી ઉઠીને કાગજ નાખવા આયોચ હમણાં તો કાગજના બે પૈસા થીઆય, તે જાણે છે કે અમથોજ.

ધનાપટેલ-નારે ચોડેલી છે ને. વારૂ હું તમને એમ પુછું છાએબ, કે આ કાગર ઉપર એક પહીઆની ટીકીટ ચોડેલી છે તે એ કાલે મોતે પોચહે ને, કદી બે પહીઆના ચોડું તો આજને આજ ની પોંચે વારૂ ?

ક્લાર્ક—આય સારો ગામરીઓ શું બકેચ. આજે શું ને કાલે શું, ને એક પૈસો કેવો ને બે પૈસા કેવા, ને સારો લવારો શું કરી રીયોચ.

ધનાપટેલ—હવે પાધરો બહતો હોય તો બહની, આપણે વરી છાહેબ, છાહેબ કરીએ તીયારે છાહેબ વરી મોંભે ચડીને બેહે. મારા હહરાને ખુરસી મલી એટલે સરગમાં પોંચી ગીયો. પણ તારા જેવા તો મારે ઘેર દુબરા છાણુ લાખે છાણુ હમજયો!

ક્લાર્ક—આ સારો દિવાનો થઈ ગીયોચ કે એને થયુંછ શું? સારો શાનો બકબકાટ કર્યાં કરેચ, સારા જતો હોય તો જાની, એમ કહીને ક્લાર્કે બારીમાંથી ઉઠીને એક ધપ્પો ધનાપટેલની ગોળમટોળ પાઘડીપર લગાવી દીધો.

ધનાપટેલે ગુપચુપ કાંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય ત્યાંથી ચાલવાં માંડયું ચાલતાં ચાલતાં ગોપાળે ટપાલમાં નાખવા આપેલું બરબીડીયું તેમને યાદ આવ્યું. તે પાછો બોલવા લાગ્યો. "મારા હહરા ટપાલ વારા બૈ બીજાહી છે. અવે કોણ એની પાહે ટીકીટ લેવા જાય. વરી ટીકીટ લેવા જવા તો વરી પાછો એક ધપ્પો લગાવહે, માટે લાવની આ આની ને પાકીટ બેઉજ આ પેટીમાં લાખી દેઉં એટલે હો હહરો એની મેરે ટીકીટ ચોડી લેહે, આપણે કાગર મોકલવાની ગરજ ને એને હું પૈહા કમાવાની ગરજ ની મલે હું"

એવો પોતાના મન સાથે દ્રઢ નિશ્ચય કરીને તે કાગળ નાંખવાની પેટી તરફ ગયા. પેટી ઉપર મોટા અક્ષરે ગુજરાતીમાં લખેલું હતું કે "કાગળો નાંખવાની પેટી" તે ધીરે ધીરે વાંચતાંજ વળી પાછા ધના-પટેલ વિચારમાં પડયા. આ તો કાગરાને પૂરવાની પેટી દેખું. મારા હહરા સુમ્બઇના લોકો જે ની કરે તે ઓછુ એ હહરા હું કરવા પેટીમાં લાખતા ઓહે! અહીં જુવારનાં ખેતરો છે ની, કે બાઘ

જાણે જુવાર ખાઇ જાય તીયારે એ કાગરા પુરાતા હું કરવા ઓહે. એમ વીચારમાં ઝોલાં ખાતા હતા એટલે એક પારસી જુવાનીઓ પેટીમાં કાગળ નાંખવા આવ્યો તેને ધનાપટેલે પુછ્યું " ભાઇ કાગર લાખવાની પેટી કાં છે,

પારસી–આય શું આય તારી આંખે દેખાતી નથી ?

ધનાપટેલ–અરે તું હો ભાઇ આંધરો છે કે હું આનાપર જરા વાંચ તો ખરો "કાગળો નાંખવાની પેટી" એમ લખેલુ છે તે દેખાતું નથી ? પણ આ પેટીમાં મુમ્બાઇના લોકો કાગડા હું કરવા પૂરતાં ઓહે !

પારસી–આ સાલો કોને કાગરો કેપચ, સાલા શું સમજેછ તારા મનમાં એમ કહીને બેએક મુક્કા લગાવીને કાગળ પેટીમાં નાંખીને તે પારસી ત્યાંથી ચાલ્યો ગયો પારસીને પેટીમાં કાગળ નાખતો જોઇને ધનાપટેલે વિચાર કર્યો લખવાવારાની ભૂલ થયેલી ઓહે નહી તો હહરો પારહી પેટીમાં કાગળ લખતો ઓહે જો ?

એવા નિર્ણય ઉપર આવીને તેમણે મોતે લખેલો પોસ્ટ કાર્ડ પેલી પેટીમાં નાંખ્યો. અને પછી ગોપાળે નાંખવા આપેલું પાકીટ તથા ટીકીટ લેવા આપેલી આની બેઉ પેટીમાં નાંખી દીધાં અને એકદમ ત્યાંથી ઉપડી ગોપાળ પાસે આવીને ઉભા રહ્યા અને તેને કહેવા લાગ્યા પેલો મારો હહરો ટપાલવારો મારી સાથે રોપ હાંકે તે હું કાંઇ તેનાથી જાઉં એવો છું કે હું પણ એવો કની કે તેની જારમાં મેં તેનેજ ગુંચવી દીધો.

ગોપાળ–પણ તમે ત્યાં જઇને શું કર્યું ! તે તો કહો.

ધનાપટેલ–તે ટપાલવારો હહરો મીજાહી દેખુ, તેણે મને ટીકીટ આપવાનું ના કેયુ. પણ હું કાંઇ ગાંયજો જાઉ નેવો છેઉ જે હું પણ એવો કની કે તેં આપેલું પાકીટ અને આની બેઉ પેટીમાં

આપી દીધાં. હવે હહરો કાં જહે ? જખ મારીને ટીકીટ ચોરી લેહે કેની. તેને પૈહા કમાવાની ગરજ ની મલે કું ! હું કાંઇ આપણેજ બધી ગરજ, ગરજ બેઉને !

ગોપાળે પોતાના માથામાં ટપલો માર્યો અને કાકાની બહાદુરી માટે કાંઇ પણ બોલ્યો નહીં,

ભાગ ૪ થો.

સાંજના ત્રણેક વાગે કાકો ભત્રીજો બેઉ પાછા મુંબઇ શહેરમાં ફરવા નીકળ્યા. ફરતા ફરતા તેઓ બોરીબંદર સ્ટેશન જોવા ગયા બધું સ્ટેશન તેઓ જોવા લાગ્યા એટલામાં ગોપાળનો એક મિત્ર મળ્યો તેની સાથે ગોપાળ વાતો કરવા લાગયો. અને ધનાપટેલ આમ તેમ બાવરા બાવરા જોયા કરતા હતા તેની દૃષ્ટિ ટેલીગ્રાફ ઓફિસમાં કામ કરતી યુરોપિયન લેડીઓ તરફ ગઇ. ધનાપટેલે મનમાંજ વિચારમાળા શરૂ કરી દીધી. આ બૈરીઓ વરી અહીં હું કરતી ઓહે જાણે ખેતરમાં નિંદતી હોય તેમ હાથ તો ચલાવતી છે. લાવની આપણે જોયે તો ખરા. એમ નિશ્ચય કરીને તે ગોપાળને તેના મિત્ર સાથે વાત કરતો મુકી એકદમ ટેલીગ્રાફ ઓફિસમાં ગયો. ઓફિસમાં પગ મુકતાની સાથેજ એક યુરોપીયન લેડીએ તેના સામે જોઇને કહ્યું "What do you want ?"

ધનાપટેલ—હવે લવારો હાની કરે છે જે કેવું હોય તે પાધરી પાધરી કે'ની ! તને ઇંગરેજી આવડતું છે તે હું જાણતો છેઉં. તારા મનમાં જાણે હુંજ હુસીયાર છું કેમ !

લેડી–Co away at once you shameless bruit.

ધનાપટેલ–જો પાછી, વરી પાછી તારી કુછીઆરી બતલાવવા માંડી કે ?

એ ઓફિસમાં એક નેટીવ ક્રિશ્ચિયન લેડી કામ કરતી હતી તે તો મ્હોંએ રૂમાલ દઇને હસ્યાજ કરતી હતી તે જરા વધુ શામળી હતી આખરે મામલો રંગ પર આવેલો જોઇને તે ધનાપટેલ પાસે આવીને કહેવા લાગી "તમારે તાર કરાવવો છે ?"

ધનાપટેલ–અરે નહીરે મારે ઘેર ઘરના વાડાની વાડે તો ઓણુ હું ચોમાહામાં થુવેરીઆ કંટારા રોપવાનો છું એટલે તારને હું કરે !

ક્રીશ્ચીયન લેડી–ત્યારે અહીં શું કરવા આવ્યા છો ? આ સ્ત્રીઓની ઓફીસ છે એટલે એમાં મરદોથી નહી અવાય માટે તમે છાનામાંના બહાર ચાલ્યા જાઓ, નહી તો આ બાઇ તમને સિપાઇને સોંપી દેશે.

ધનાપટેલ–અરે બેહરે, આ પેલે દહાડે હુધી તો તું અમારે તાં ખેતરમાં નિંદતી ઉતી, તું પહેલાં જાણે પેલા નાથીઆ કુબરા હાથે નાતરે આવેલીને અહીં આવીને એકદમ મેમડી કેટલીવારમાં બની ગઇ.

અજુ ધનાપટેલ આગળ બોલવા જતા હતા પણ એટલામાં ગોપાળ ત્યાં આવી પહોંચ્યો અને કાકાએ કોઇ નવનું તેર વેતરેલું હોવું જોઇએ. એવો વિચાર કરી ને લેડીઓની માફી માંગી અને એ ગાંડો છે એમ જેમ તેમ સમજાવી ધનાપટેલ ને ટેલીગ્રાફ ઓફિસમાંથી બહાર લઇ આવ્યો. અને તેમને સખત સુચના આપી દીધી કે, ગમે ત્યાં આપણે જઇએ પણ તમારે મને મુકીને જરા પણ આઘા ખસવું નહીં.

ભત્રીજાની સુચના ધ્યાનમાં રાખવાનું કબુલ કરીને ધનાપટેલ બોલ્યા. "પણ એમાં મારો હું વાંક ? હહરા અંઇના લોકજ બધા એવા તેને હું શું કરૂં !"

કાકાના કથનનો કાંઇ પણ પ્રત્યુત્તર ન આપતાં ભત્રીજો તેને લઇને આગળ ચાલવા લાગ્યો. ચાલતા ચાલતા મોટી મોટી દુકાનો જોતા જોતા તેઓ છેક ચર્ચગેટ સ્ટેશન નજીક આવી પહોંચ્યા અને ત્યાં ઉભાં કરેલા આરસ પહાણના પુતળાને જોઇને ધનાપટેલ બોલી ઉઠયા "અરે આ કોણ ? આ તો મામા દેવ છે ? અરે ચાલ, ચાલ, ગોપાર નીતો આપણે એની ઝપટમાં આવી જહું."

ગોપાળ—અરે એતો પુતળાં છે. એ દેવ નથી. જે લોકોએ સારાં કામ કરેલાં હોય તેઓના પુતળાં બનાવીને મુકે છે તે પ્રમાણે આ પુતળાં મુકેલાં છે.

ધનાપટેલ-તે એ પુતરાં હાનાં છે ? વરહાદમાં ધોવાઇ ની જાય ?

ગોપાર—અરે એ તો પત્થરના છે. પત્થર વળી વરહાદથી ધોવાઇ જાય ?

ધનાપટેલ–તીયારે આપણે છું નબરા કામ કયરા કે આપણું પુતરું ની મેઇલું ને એ લોકોએ છું છારા કામ કરી લાઇખાં ઐ. તો એણે પચાહ કે છાઠ ભાર કપાસ પકવ્યો ઓહે અરે છો (૧૦૦) ભાર પકવેલો ઓહે ઉંહો દર સાલ તીહ ભાર કપાસ તો પકવું છું. તો એનુ મોટું પુતરું મુયકું તો મારું નાલ્લુએ મુકહે કે ની ? તે એ પુતરાં કોણ બનાવતું ઓહે ? હું આપણા મોતાવારો ફીકલો કુંભાર એવાં પુતરાં ની બનાવે ? અરે એવાં તો હું પણ એને હો કુદી જાય એવાં તે બનાવે ? અરે આવે છે ઉ અહીંથી જઇને તેને મારૂ પુતરૂ બનાવવાનું કેવા ને પછી તું આવીને તેને અહીં લઇ આવજે અને અહીં ગોઠવી દેજે, એટલે હું પણ હારા કામ કરનારો છેઉ એમ તો ગણાવા પછી જેમ થવાનું ઓહે તેમ થહે.

ગોપાળે ધનાપટેલના કથનનો કાંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહીં ધનાપટેલ ક્યાં કાચા હતા ? પ્રત્યુત્તર આપવા જેવું રાખે તો તો ગોપાળ ઉત્તર આપે ને !

ત્યાંથી પછી તેઓ સમુદ્ર કીનારે ગયા ઘણાંયે સ્ત્રી પુરૂષો ત્યાં ફરવા આવેલા હતાં. કેટલાક જોડાઓ બાસ્ટી ઉપર બેસી પ્રેમચેષ્ટા કરી રહ્યાં હતાં અને કેટલીક અબરાક પારસણો તો પોતાના ભાવી પતીનાં ગળામાં બન્ને હાથ લાખી મુખપર લગાડેલી કૃત્રિમ લાલી ભૂસાઈ ન જાય તેટલા માટે રેશમી રૂમાલ વારંવાર ગાલો ઉપર વારાફરતી દાબ્યા કરતી હતી તેને જોતાંજ ધનાપટેલ બોલી ઉઠ્યા "આ મારા હહરાં શું કરે ? આ બેઊ ડોકે બાઝીને દરીયામાં પડહે કે શું ? જો તમારે દરીયામાં પડવું હોય તો અકેક મોટો પત્થર ગરામાં બાંધીને પછી પડજો નહીં તો વરી તમે પાછા નીકરહો તો તમારા માબાપ તમને ઘરમાં ગોંધી રાખહે.

ગોપાળ—કાકા, ચુપ રહો, નહી તો કાલનો દુકાળ આજેજ પડશે જો એતો દરિયામાં પડવાના એક બાજુએ રહેશે પણ તમનેજ હમણા ઉંચકીને એ લોકો દરિયામાં ફેંકી દેશે જો માટે છાનામાના કાંઇપણ બોલ્યા વગર મારી પાછળ પાછળ ચાલ્યા આવો. જુઓ પેલી સામે સ્ટીમર દેખાય તે તમારે જોવા જવું છે !

ધનાપટેલ—ઇછટીમર ? એમાં બેહીને બધા નાતાલ મોરીછ જાય તેજ કેની ! એ તેમ હોઇને આપણે બૈ ગીયા ને એ હહરા ઇછતીમર હાંકી મુકે તો ને તેમ કરતાઓ આપણે જઇએ પણ તીયાં આપણે કેમ કરતાં જઇએ !

ગોપાળ—તે તો આ સ્ટીમ લોંચમાં બેસીને આપણે જઇએ ત્યારેજસ્તો.

ધનાપટેલ—તારે બાઇ આટલા બધા પાણીમાં એ લોહાનું નાલ્લું અમથું હોડકું ઉધું વરી જાય તો પછી ! મારે તો ઘેર પટલણ વાટજ જોયા કરે. બાઇ રેવા દે એ ધંધો ને ચુલામાં ગીયું એ ઇછતીમર જોવાનું આપણે તો કાંઇ તાં આવતા નથી.

ગોપાળ—હવે ચાલો ત્યારે પાછા.

બન્ને જણ ત્યાંથી પાછા ફર્યા. રસ્તે આવતાં કોટની એક ઓફિસમાં એક જણો લીફ્ટમાં બેસી ઉપર ચઢતો હતો તેના તરફ ધનાપટેલની દ્રષ્ટિ પડી એટલે તેમણે ગોપાળને પુછ્યું. "અલ્યા ગોપાર આહું કરે ! આ પાંજરામાં બેસીને એ કાં જતો ઓહે !

ગોપાળ- અરે એ પાંજરું નથી; એતો આ ઘરના માળ ઉપર જવાનું 'લીફ્ટ છે. એતો વિજળીથી ચાલે.

ધનાપટેલ—મારી હહરી વજલી તો ભાઇ ખરી ! જે હોય તે વજલીજ ચલાવે. એ મારી હહરી કેવીક છે ? એ કાં રેતી છે ગોપાર ! હોય તો ચાલની આપણે તેને જોવા જઇએ. ને પુછી જોઇએ કે થોડા દહાડા આપણા મોતામાં આવીને રેતી હોય તો ! હું તને એમ પુછું ગોપાર કે એને અહીં મુમ્મઇમાં કોણ લેઇ આયવું. એના બાપના નામની ને એના વરના નામની તને ખબર છે હું ? એ કયે ગામની છે અને કાં પરણેલી છે તે તું જાણે કે.

ગોપાળ—એ બધી વાત બહુ લાંબી છે માટે આપણે ઘેર જઇશું ત્યારે તમને એ વાત કહીશ.

ત્યાંથી ઉભય આગળ ચાલવા લાગ્યા. રસ્તામાં એક સીનેમાનું થીએટર આવ્યું. એટલે ગોપાળે બે ટીકીટ લીધી અને બન્ને જણા અન્દર ગયા, લંકા દહનની ફીલ્મ હતી. હનુમાને લંકામાં આગ લગાડી એ સીન આવતાંજ ધનાપટેલે બરાડો પાડયો અરે પેલો હહરો વાંદરો બધું બારી નાખવાનો રે ! ગોપાર પાણી લાવ પાણી લાવ નીતો આપણે હો છાથે છાથે બરી જવાના. ગોપાળે કાકાનો હાથ દાબ્યો અને છાના માના બેસવાની પાછી સખત સુચના આપી દીધી. થોડી વાર ચુપચૂપ બેસી રહ્યા બાદ ધનાપટેલે અક્કલનો ઠરકોતરો ખાલી કરવા

માંડયો 'ગોપાર પણ આ બધાં માણુહ કાં રેતાં ઓહે ને તે આટલા ઉતાવ-રથી કેમ કરતાં આવતાં ઓહે ! ને એ ગુંગા કેમ છે ! બોલતાં કેમ નથી !

ગોપાળ—એ કાંઈ સાચાં માણસ નથી એતો બનાવટી પુતળાં છે.

ધનાપટેલ—જા, જા, હવે નાહલા પોયરાંને જઈને છમજાવ આ બા...સાં હાલે ચાલે નાચે કુદે ને મારો હહરો કેય કે એતો બનાવટી પૂતરાં છે, તારા મનમાં જાણે તુંજ હમજે ને બીજા તો બધા ઢોર જેવા કેમ ? પણ તુંજ કેની બનાવટી હોય તો જીવ વગર એ હાલે ચાલે કેમ ! આપણે ઘેર બેસતું પાડીયું મરી જાય એટલે તેનો જીવ નીકરી જાય પછી તે કેમ હાલતું ચાલતું નથી ? તું હમજાવે કોને તું જાણે મુમ્બઈમાં રીયો એટલે બધો જાણકાર થઈ ગીયો ને અમે હહરા ઢોરસ્તો તારા મનથી !

ગોપાળ—અરે કાકા તમે એટલા બધા તપી શું કરવા જાઓ છો ? એ પુતળાં તો જીવ વગરનાંજ છે. પણ એનેહો પેલી વિજળીજ હલાવે છે ખોટી વાત હોય તો કોઈને પૂછી જુઓ.

ધનાપટેલ—હેં...મારી હાહૂ એ વજલીએ તો આખર કરી હુ હહરીનામાં પાણી છે બાઈ ! એના જેવી તો કોઈ દીઠી ની સીનેમાની ફીલમ ખલાસ થતાંજ બન્ને જણા ઘેર આવ્યા અને નિંદ્રાવશ થયા.

બીજે દિવસે ગોપાળના એક સ્નેહીની વર્ષગાંઠ હતી તેથી તેણે ગોપાળને તથા ધનાપટેલને બન્નેને પોતાને ત્યાં જમવા આવવાનું આમંત્રણ કર્યું હતું. તેથી સવારમાં ઉઠી નિત્ય કાર્યથી મુક્ત થયા બાદ તેઓ તે સ્નેહીને ત્યાં ગયા. બપોરે જમ્યા બાદ ગમ્મત થવા માંડી થોડીકવાર હારમોનીયમ સાથે સંગીત ચાલ્યું. થોડીવાર રમત ગમત થતાં ફોનોગ્રાફની રેકર્ડ મુકી અને જ્યાં ગાયન શરૂ થયું કે ધનાપટેલ એકદમ બોલી ઉઠયા. " ઓતારી આ છછરં માણુછ કોણ અંદર

ખરાબ બેઠેલું છે. તો તે વાઘના બાપાંને બહાર રહીને બોલતાં હું થતું ઓહે! મારા છોકરાનો રાગ બો હારો દેખું ને!"

જ્યારે રેકર્ડ પુરી થઇ ત્યારે પણ પાછા ધનાપટેલ બોલી ઉઠયા. "હે. મારૂં છોકરૂં થાકી ગીયું આટલું ગાયું એટલામાં તો જાણે મોટો વાઘ માર્યો હોય તેમ વરી થાકી ગીયું."

બીજી રેકર્ડ મુકવામાં આવી. એટલે પાછા પટેલે વાકધારા છોડી ગોપાળ! તું એ અકકલના ઓથમીરને બહાર કાઢ નહીં તો મારો મીજાજ બહુ ખરાબ છે.

ગોપાળ કાંઇ પણ બોલ્યા સિવાય ચુપચુપ બેસી રહ્યો ધનાપટેલના જીવને ચ્હેન પડતું નહોતું તેથી તે એકદમ પોતાની જગ્યા ઉપરથી ઉઠયા અને ફોનોગ્રાફનું ભુંગળું એકદમ ખેંચી કાઢતા હતા પણ ગોપાળે અટકાવવાથી વળી મનને જેમતેમ વારી શાન્ત બેઠા અને એકદમ બોલી ઉઠયા. "મારૂં હહરૂં કાંઇ ગાય તેમાં છમજણ તો પડે નહીં અમેં જ્યારે ખેતરમાં જીએ ત્યારે એના કરતાં બઉ હારૂં ગાઇએ ને જાં ગાવા માંડયું કે ચાર લોક એમ કાન દઇને છાબળીયા નીઇ કરે જો જો હેં હું ગાઉં એમ કહીને તેમણે નીચેનું ગીત ગાવા માંડયું અને તે ગીત પુરૂં થયું ત્યાં સુધી તેઓ લેશ પણ અટકયા નહીં, ગીત આ પ્રમાણે હતું:—

અમે જઇએ છીએ કોદરા ઓરવા,
લાવજો ગોરાંદે ભાત, ઘરની કણુબણોરે.
કોદરા ઓરી વ્હેલા સિધાવજો,
હું નહીં લાવું ભાત,
મારે સૈયરોનો સાથ,
મારે રમવા સરખી રાત,
મેં તને વાર્યોરે, ઘરના કણુબીડા,
લાવજો ગોરાંદે ભાત. ઘરની કણુબણોરે.

આજરી ઓરી વ્હેલા સિધાવજો,
હુ નહીં લાવું ભાત,
મારે સૈયરોનો સાથ,
મારે રમવા સરખી રાત,
મેં તને વાર્યોરે, ઘરના કણબીડા. (લોક ગીત.)

ગીત પુરૂં થતાની સાથેજ તેઓ પાછા પોતાની જગ્યા ઉપરથી ઉઠયા. અને એકદમ ફોનોગ્રાફનું ભુંગળું ખેંચી કાઢી ફોનોગ્રાફને ટેબલ ઉપરથી ગબડાવી મુકાને ધનાપટેલ બોલ્યા. 'છછરાના દીકરા એમ ગાની એમ ઝીલ્યા રાગે હું તારા બાપનું કપાર ગાયા કરે," સર્વ આવેલા મ્હેમાનો તો ખડખડાત હસવા લાગ્યા. રંગમાં ભંગ પડયો પણ ધનાપટેલે તો જાણે મોટો ગઢ જીત્યો હોય તેમ મુચ્છપર હાથ દેતા ફોનોગ્રાફ તરફ ડોળા ઘુરકાવ્યા કરતા હતા.

ગોપાળ પણ ખસીયાણો પડી ગયો અને પોતાના કાકાને લઇને ઘેર આવ્યો અને બીજે દિવસેજ ધનાપટેલને મોતાના કોઇ લોકો આવેલા હતા અને તે પાછા મોતે જવાના હતા તેની સાથે રવાના કરી દીધા. કારણકે ગોપાળ હવે ધનાપટેલથી બહુજ કંટાળી ગયો હતો.

ધનાપટેલને જતી વખતે ગોપાળે કહ્યું "કાકા! હવે મહેરબાની કરીને ફરી આ તરફ આવવાનો વિચારજ કરશો નહીં કારણકે હવે જો તમે આવશો તો જરૂર કેદમાં જશો.

ધનાપટેલ—કાંઇની બાઇ અહીં પરવારતો છે કે તારે તાં આવીને બેછી રેવાનો

એમ કહીને ધનાપટેલ આગગાડીમાં બેઠા અને સહીસલામત મોતે પહોંચી ગયા.

હયો સાહેબજી !

નવલાં પુસ્તકો.

લાલ દીવો અથવા ભાગ્યહીન ભીખારણ (કાવ્યમય કથા) આપણા હિન્દુ સંસારપર લખાયેલી બાળ વીધવાના દુઃખની કહાણી. સમાજની આંખ ઉઘાડતી એક બાળાની કરુણ કહાણી. સુંદર પાંચ ચિત્રો સાથે મુલ્ય **આઠ** આના.

રાજા ભરથરી અવન્તી નગરીના મહારાજા ભતૃહરિના નામની સુગંધ કયાં નથી પ્રસરેલી છતાં એમનું જીવન વૃત્તાંત દરેકને જાણવા અને મનન કરવા યોગ્ય આ સંસારની ઘટમાળ કેવી છે તે જાણવા વાંચો સુંદર છ ચિત્રો સહિત મુલ્ય **આઠ** આના.

રંગમાં ભંગ કિંવા હર્ષમાં વિષાદ આ (કાવ્યમય કથા) રંજ ખટપટથી ભરપુર છે આજે લગ્ન થયાં અને બીજેજ દીવસે એ ખટપટનો ભોગ થયેલી બાળા વિધવા થઇ જરૂર હૃદય પીગળાવી નાંખશે. પંચ ચિત્ર સાથે મુલ્ય **આઠ** આના.

ધી ન્યુ ટ્રેનોથાફ ગાયનમાળા આજકાલ થોકબંધ બહાર પડતી ગાયનમાળાઓના કરતાં આ ગાયનમાળા તદન નવિન ઢબનીજ છે. ગ્લેઝ કાગળવાળી.

ભાગ ૧ થી ૮ ગ્લેઝ કાગળ		૧-૦-૦	સુંદર આઠ
ભાગ ૧ થી ૮ રફ	,,	૦-૧૨-૦	ચીત્રો સાથે.

ચતુરસુંદર રસીક ગરબાવળી નાનીનાની બાળાઓના આનંદનો દરીઓ સ્ત્રીઓનો મનોરંજન સાથી ગરબાઓનો અપૂર્વ અમુલો સમુદાય. કીમત **આઠ** આના. એ સિવાય બીજા બધા પુસ્તકો મળશે.

લખોઃ-**ધી ગુજરાતી સાહિત્ય મંદિર.**

સલાબતપુરા-સુરત.

મળોઃ-**શ્રી નવચેતન પુસ્તકાલય.** ટાવરરોડ, સુરત.